APPROACHING

100th EDITION

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

₹ 50

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

જાન્યુઆરી ૨૦૧૯



એન.એસ.ડી નવી દિલ્હી અને જે. જી. કૉલેજ ઑફ પરફૉર્મિંગ આર્ટસના ઉપક્રમે 'નાટ્ય ડીઝાઈન' શિબિર

# સંપાદકનું સારેગમ

## આજે હાથમાં આવેલી આ સઘળી નવી ક્ષણો આપને મુબારક

Happy New Year 2019. આ ક્ષણે આ અંક આપની પાસે આવ્યો છે ત્યારે ૨૧મી સદી પણ હવે તો પુખ્ત બની ગઈ છે. હાથમાં આવેલી આ સઘળી નવી ક્ષણો આપને મુબારક. નવા વર્ષના સંકલ્પો લેવામાં 'હવેથી આ નહીં કરું', 'હવેથી આ બંધ', 'હવે આ નહીં ને હવે તે નહીં' એમ નકારાત્મક વાતને બદલે 'હવેથી હું આ કરીશ, આમ જ કરીશ' એમ પોઝીટીવલી ના વિચારી શકાય?

જિંદગીને જો એક કેમેરા સાથે સરખાવીએ તો એક એવી દૃષ્ટિ આપણે કેળવવી જોઈએ કે જેમાંથી સઘળું સ્પષ્ટ દેખાય. જે કંઈ ધૂંધળું હોય, અસ્પષ્ટ હોય એને સમજણના લેન્સ દ્વારા સ્પષ્ટ કરી શકાય. આવું કરવાથી આપણી છબી તો મનોહર લાગશે જ અને સમગ્ર જગત પણ રંગીન દેખાતું થશે. વિષાદના ડાર્ક-રૂમમાંથી નકારાત્મકતાને અવગણી, સકારાત્મક વલણથી એવું કશું ફોકસ કરીએ જે સઘળાં રંગોથી સભર હોય અને જીવનના કેન્વાસ ઉપર સુંદર આકૃતિ સાથે અંકિત પણ હોય.

'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' કંઈક આવા જ ફોકસ વડે ઝીલાયેલું અને નિર્માણ પામેલું એક દૃશ્ય છે.

**— સૌમિલ મુનશી**

*Follow us on*
/ShyamalSaumil

SHYAMAL-SAUMIL
the musical odyssey

વર્ષ: ૮/અંક: ૯૭/જાન્યુઆરી, ૨૦૧૯
**તંત્રી અને સંપાદક :**
સૌમિલ મુનશી
**પ્રકાશક :**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન :**
www.e-shabda.com
**તસવીર પરામર્શક :**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાઘવાણી

**ઑફિસ એક્ઝિક્યુટિવ :**
જિગીષા જાની
**સહાય :** ગોપાલ પઢિયાર
**કાર્યાલય :** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫

કુલ પેજ: ૪૪

**ઈ-મેઈલ :**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય
₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં : અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી. તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.

નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.
**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI

## આપના સ્વરાંકન અને સ્વર બન્નેને સલામ

'વર્લ્ડ હેરીટેજ વીક'ની ઉજવણી દરમ્યાન ચાચર ચોકમાં આપનો કાર્યક્રમ માણ્યો. ખૂબ ગમ્યો. અમદાવાદના ગીતોને માણી અને અમદાવાદી હોવાનો ગર્વ પણ થયો. આમ કહું તો આપણું અમદાવાદ સાચે જ અનોખું અમદાવાદ લાગ્યું. આપના ગીતોમાં રહેલી સરળતા અને મેલોડિ સાંભળી આનંદ થયો. તુષાર શુક્લએ પણ પોતાનાં ભાવવાહી શબ્દોમાં અમદાવાદના ગૌરવ અને એની ગાથા વર્ણવી કાર્યક્રમનું સરસ સંચાલન કર્યું. મેં એ કાર્યક્રમ દરમ્યાન આપની સીડી 'આપણું અમદાવાદ સુરીલું અમદાવાદ' આલબમ ખરીદ્યું હતું. જેમાં તુષારભાઈના શબ્દોમાં અમદાવાદમાં સંગીત ક્યાં ક્યાં છે અને કેવી રીતે સચવાયું છે તે વાંચીને ઘણી માહિતી મળી. આપના સ્વરોમાં ગવાયેલા ગીતો 'અમદાવાદની ઉત્તરાણ', 'માણેકચોકમાં', 'અમારું શહેર છે અમદાવાદ' જેવા ગીતો મન પર ઊંડી છાપ છોડી ગયા. આપના સ્વરાંકન અને સ્વર બંન્નેને સલામ. આવાં જ ઉમદા ગીતો આપતા રહો.

**કિન્નરી શુક્લ, અમદાવાદ**

## હર્ષ બ્રહ્મભટ્ટે ગીતકારોની એન્સાઈક્લોપીડિયા લખી છે

હર્ષ બ્રહ્મભટ્ટની લેખમાળાનો હું પહેલેથી જ પાક્કો વાચક અને ચાહક રહ્યો છું. તેમના લેખોમાં એક ચીવટ છે અને વાચકને ક્યાંય તેમાં રસક્ષતિ થતી નથી. તેમના દરેક લેખ મેં એક-બે વાર તો વાંચ્યા જ છે. તેના પરથી લાગે છે કે તે સાહિર લુધિયાનવીનાં પ્રસંશક છે. ફિલ્મ ક્ષેત્રે સંકળાયેલ લગભગ તમામ ગીતકારોની તેમણે રસપ્રદ માહિતી આપી છે. આમ કહી શકાય તો એન્સાઈક્લોપીડિયા લખી આપી છે. હર્ષભાઈએ કવિની ધારદાર કલમનો પરિચય કરાવતા ગીતોનો સુંદર રસાસ્વાદ કરાવ્યો છે. તેમની લેખમાળા હવે પૂરી થાય છે તે વાંચી થોડો રંજ પણ થયો. પણ આશા રાખીએ કે ભવિષ્યમાં તે નવા વિષય સાથે ફરીથી અમને વાંચવા મળશે.

**અમિત ભાવસાર, અમદાવાદ**



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# જિંદગીના સિક્કાની બંને બાજુઓ



એક જ સિક્કાની બે બાજુ

સુખ ને દુઃખ નફરત ને પ્યાર એક જ સિક્કાની બે બાજુ,
આ અજવાળું ને અંધાર એક જ સિક્કાની બે બાજુ.

ઈશ્વર ને સઘળા આકાર એક જ સિક્કાની બે બાજુ,
મૌન અને સઘળા ઉદગાર એક જ સિક્કાની બે બાજુ.

ભરચક ભીડ અને ભેંકાર એક જ સિક્કાની બે બાજુ,
શું વેરાની કે ગુલઝાર એક જ સિક્કાની બે બાજુ.

પાપ પુણ્ય જાણે હુંકાર એક જ સિક્કાની બે બાજુ,
આ ઉપકાર અને અપકાર એક જ સિક્કાની બે બાજુ.

નથી મૂળ કે ડાળ જુદા તેં જ ફક્ત જોયા નોખાં,
ફૂલ અને આ સઘળા ખાર એક જ સિક્કાની બે બાજુ.

કેવું હરપળ હશે જીવાયું વરસો બાદ હવે સમજાયું,
પ્રેમ અને અત્યાચાર એક જ સિક્કાની બે બાજુ.

એક જ બાજુથી મિસ્કીન તું તનેય કાયમ અડધો જોતો,
મન સમજણની બહાર એક જ સિક્કાની બે બાજુ.

- રાજેશ વ્યાસ મિસ્કીન

અહંકાર જાણતો હોય છે કે તેણે કરેલાં પાપ અને પુણ્યમાં ખાસ કંઈ ફેર નથી. ખૂબ ઝીણી નજરે જોઈશું તો બધું જ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયું છે. મન સમજણ સાથે જોડાયેલ હોય કે સમજણની બહાર હોય, બંને એક જ સિક્કાની બે બાજુ છે.

આપણે વાતવાતમાં 'સિક્કાની બીજી બાજુ' એ શબ્દ બોલીએ છીએ. પણ ખરી વાત તો એ છે કે આપણી બુદ્ધિ. આપણી દૃષ્ટિ હંમેશા એક જ બાજુ જોતી હોય છે અને એક જ બાજુ દેખાતી હોય છે. ધીરે ધીરે ખ્યાલ આવે છે કે દરેક સિક્કાને બે બાજુ હોય છે. સિક્કાની બંને બાજુને અલગ નથી પાડી શકાતી. એ બેઉ બાજુને છુટ્ટી કરી શકાતી નથી. ભૂંસી

શકાતી નથી. ગમે તેટલું કરીએ સિક્કાને બે બાજુ રહે જ છે. કોઈ એક બાજુનો નાશ નહીં જ કરી શકાય. હાથમાં લઈને સિક્કો ઉછાળીએ કે પછી હથેળી ઉપર મૂકીને એ સિક્કાને નિરાંતે જોઈએ. ભલે એક જ બાજુ દેખાતી હોય. પણ બીજી બાજુ અભિન્ન રીતે પાછળ હોય છે જ.

> સુખ-દુઃખ, નફરત-પ્યાર, ભીડ-એકલતા, આકાર-નિરાકાર, વેરાની કે ગુલઝાર એ અલગ છે જ નહીં ખરેખર તો એક વગર બીજાનું અસ્તિત્વ શક્ય જ નથી.

આ ગઝલમાં જીવનમાં કશું જ અલગ અલગ નથી એ ભાવ જ ઘૂંટાયો છે. સુખ-દુઃખ, નફરત-પ્યાર, ભીડ-એકલતા, આકાર-નિરાકાર, વેરાની કે ગુલઝાર એ અલગ છે જ નહીં ખરેખર તો એક વગર બીજાનું અસ્તિત્વ શક્ય જ નથી. ફૂલ હોય કે કાંટા તમે ભલે બંનેને અલગ અલગ તારવો. ગુલાબના અસ્તિત્વમાં તો બંને એકસાથે જ છે. અહંકાર જાણતો હોય છે કે તેણે કરેલાં પાપ અને પુણ્યમાં ખાસ કંઈ ફેર નથી. ખૂબ ઝીણી નજરે જોઈશું તો બધું જ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયું છે. મન સમજણ સાથે જોડાયેલ હોય કે સમજણની બહાર હોય, બંને એક જ સિક્કાની બે બાજુ છે.



# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરિયા કાર્નિવલ યોજાયો





ભારતના સૌપ્રથમ હેરીટેજ સિટી અમદાવાદના આંગણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરિયા કાર્નિવલ-૨૦૧૮ દરમિયાન રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની ધમાકેદાર રજૂઆત કરવામાં આવી હતી.





કાંકરિયા કાર્નિવલનું ઉદ્દઘાટન માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા ભાજપ ઉપાધ્યક્ષ આઈ. કે. જાડેજા, મેયર બીજલ પટેલ, ડેપ્યુટી મેયર દિનેશ મકવાણા, મ્યુનિ. ભાજપ નેતા અમિત શાહ, મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ દીપ પ્રાગટ્ય કરી કર્યું હતું.



કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રીમતી બીજલ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અન્ય મહાનુભાવોમાં સર્વશ્રી કૌશિક પટેલ, પ્રદીપસિંહ જાડેજા, ડૉ. કિરીટ સોલંકી, પરેશ રાવલ, જગદીશભાઈ પંચાલ, વલ્લભભાઈ કાકડિયા, હસમુખભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, ભૂપેન્દ્ર પટેલ, પ્રદીપ પરમાર, બાબુભાઈ પટેલ, રાકેશ શાહ, કિશોરભાઈ ચૌહાણ, સુરેશ પટેલ, બલરામ ચાવાણી, શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા અને સમારંભની શોભા વધારી હતી.





કાંકરિયા કાર્નિવલમાં અનુક્રમે ગીતા રબારી, રૂપકુમાર રાઠોડ, ઐશ્વર્યા મજમુદાર, જીગરદાન ગઢવી અને સાંઈરામ દવે દ્વારા શહેરીજનોને મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્નિવલમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતા અને ફનરાઈડ, લેસર શો સહિત સહિત અનેક કાર્યક્રમોની મજા માણી હતી.



રતિલાલ બોરીસાગર

# સુદામાનો પેન્શન કેસ



દ્વારકાધીશ શ્રીકૃષ્ણના સચિવાલયમાંથી એક નોટિફિકેશન બહાર પડ્યું. અધર્મનો નાશ કરી, ધર્મની પુનઃસ્થાપના કરવાના ભગવાન શ્રીકૃષ્ણના મહાભિયાનમાં જે કોઈ સંલગ્ન હતા તે સર્વ માટે દ્વારકા રાજ્યની સરકાર તરફથી માસિક પેન્શન-યોજના અમલમાં મૂકવામાં આવી હતી. સદરહુ યોજનાનો લાભ લેવા ઈચ્છનારાઓએ પ્રમાણપત્રોની નકલ સાથે વેળાસર અરજી કરવાની હતી. આ વિગત દ્વારકાથી પ્રગટ થતાં તમામ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

શ્રીકૃષ્ણના બાળસખા સુદામાજીએ આ જાહેરખબર એમનાં પત્નીને વાંચી સંભળાવી. આ પૂર્વે સુદામાએ શ્રીકૃષ્ણ સાથેના બાળપણનાં સંસ્મરણો કહીકહીને પત્નીને ખૂબ બોર કરી હતી. પણ આ જાહેરખબરની વાત સાંભળતાં પત્નીની આંખો ચમકી ઊઠી. એણે કહ્યું, ‘નાથ! આપણે કેટલાં બધાં દરિદ્ર છીએ! બાળકો અન્ન વગર ટળવળે છે. તમે માસિક પેન્શન-યોજનામાં અરજી કરો.’ સુદામાજી અજાતચક્રવ્રત પાળતા હતા. એટલે પ્રથમ તો એમણે એવી અરજી કરવાની ના પાડી. પણ ધાર્યું તો ધણિયાણીનું થાય એ ગૃહસ્થાશ્રમન્યાયે સુદામાજી અરજી કરવા સંમત થયા; પરંતુ શ્રીકૃષ્ણ સિવાય કોઈ અન્યને સંબોધીને પોતે અરજી નહિ કરે એવું એમણે પત્નીને મક્કમપણે કહી દીધું.

સુદામાજીએ નીચે પ્રમાણે અરજી કરી :

પ્રતિ,
શ્રીકૃષ્ણચંદ્ર મહારાજ,
દ્વારકા

**વિષય : માસિક પેન્શન બાબત.**

હે બાળસખા,

આપણે સાંદીપનિ ઋષિના આશ્રમમાં સાથે ભણતા હતા એ તમને યાદ હશે. તમે ભણવા કરતાં ગાયો ચરાવવામાં, વાંસળી વગાડવામાં અને જંગલમાં રખડવામાં વધુ પ્રવૃત્ત રહેતા. તમારું લેસન લગભગ મારે જ કરવું પડતું. આપણે અન્નભિક્ષા માગી લાવીને સાથે જમતાં. અમ્લપિત્તને કારણે હું ઝાઝું ખાઈ નહોતો શકતો એટલે મારા ભાગનું હું તમને ખાવા આપતો. ગુરુ માટે લાકડાં લેવા જતા ત્યારે તમારા સુકુમાર શરીરને ધ્યાનમાં રાખી હું તમને લાકડાં ફાડી આપતો. આ બધું મેં મિત્રભાવે ને તમારા માટેના પ્રેમને કારણે કરેલું એટલે અરજીમાં એ કંઈ લખવાનું ન હોય પણ આ બધી વાતો મેં તમારી ભાભીને અનેક વાર કરેલી એટલે એમના આગ્રહથી લખું છું. હું તો અરજી જ નહોતો કરવાનો, પણ મારી આર્થિક સ્થિતિ ઘણી વિકટ છે. બાળકો અન્ન વગર રુએ છે, એટલે તમારાં ભાભીએ આ અરજી કરવા દબાણ કર્યું છે. તમે મારાં ભાભીઓની વાત ટાળી નહિ શકતા હો એ જ રીતે હું તમારી ભાભીની વાત ટાળી શક્યો નથી. એટલે આ અરજી પર ધ્યાન આપી અને માસિક પેન્શન બાંધી આપવાની ગોઠવણ કરશો, તો ઉપકૃત થઈશ. અમારાં બધાં ભાભીઓને અમારા બધાંના પ્રમાણ.

**લિ. સ્નેહાધીન, સુદામો**

જે અરજી કોઈ ચોક્કસ ખાતાના સચિવશ્રીને કરવામાં આવી ન હોય અથવા જે અરજી શ્રીકૃષ્ણ મહારાજને સંબોધીને કરવામાં આવી હોય તેવી સઘળી અરજીઓ સૌપ્રથમ ‘શ્રીકૃષ્ણ સચિવાલય’ના ‘સામાન્ય વહીવટ વિભાગ’માં પહોંચાડવાનો નિયમ હતો. તદનુસાર ઉક્ત અરજી શ્રીકૃષ્ણના સચિવાલયના ‘સામાન્ય વહીવટ વિભાગ’માં આવી. આ ખાતામાં અરજી પર નીચે પ્રમાણે નોંધ કરવામાં આવી :

‘ઉક્ત અરજી ક્યા ખાતા હસ્તક આવી શકે તે બાબત વિચારણા કરવાની જરૂર જણાય છે. મજકુર અરજદારનાં બાળકો અન્ન વગર રુએ છે, એવું અરજીમાં લખ્યું છે એટલે મંજૂર રહે તો અરજી ‘પુરવઠા વિભાગ’ને મોકલીએ.’

પોતાના ટેબલ પર આવેલી અરજીઓ અન્ય વિભાગને મોકલવાની દરખાસ્ત દ્વાપર-યુગના અધિકારીઓ પણ તુરત મંજૂર કરી દેતા. એટલે ઉક્ત અરજી ઉક્ત વિભાગમાંથી ઉક્ત વિભાગમાં આવી. અલબત્ત, આ વિભાગીય પ્રવાસ કરવામાં અરજીને થોડા દિવસો લાગ્યા.

પોતાનાં વિભાગમાં આવેલી અરજીઓને તુરત સ્પર્શ કરવાનું દ્વાપર-યુગમાં પણ નિષિદ્ધ હતું થોડો કાળ અરજી એમ જ પડી રહી. ‘પુરવઠા વિભાગ’માં અરજીઓનો પુરવઠો વધ્યો એટલે ‘પુરવઠા વિભાગ’ના અધિકારીઓએ ઉક્ત અરજી ગ્રહણ કરી. પલમાત્રમાં અરજી પર દૃષ્ટિપાટ કરી લીધા પછી અરજીમાંના ‘સાંદીપનિ આશ્રમ’, ‘લેસન’ વગેરે શબ્દો ધ્યાનમાં લઈ ઉક્ત અધિકારીએ ઉક્ત અરજી પર નોંધ કરી : ‘અરજદારને શિક્ષણને લગતી સમસ્યા હોવાનું જણાય છે. નિકાલ અર્થે, મંજૂર રહે તો, ‘શિક્ષણવિભાગ’ને મોકલીએ.’

‘શિક્ષણવિભાગ’માં ઉક્ત અરજીના નિવાસને થોડા દિવસ થયા એટલે એ વિભાગના અધિકારીએ ‘સાંદીપનિ આશ્રમ’ વાંચી, બુનિયાદી આશ્રમશાળાઓનો હવાલો સંભાળતા કારકુનને ઉક્ત અરજી માર્ક કરી.

ઉક્ત કારકુને ‘સાંદીપનિ’ આશ્રમ નામની કોઈ બુનિયાદી શાળા છે કે કેમ, અને શાળાને ગ્રાન્ટ ક્યારે ચૂકવાયેલી વગેરે માહિતી માટે ઉક્ત અરજી ‘શિક્ષણવિભાગ’ નીચે ચાલતા ‘બુનિયાદી શિક્ષણબોર્ડ’ને મોકલી. અરજીના

હાંસિયાના લખાણને આધારે 'સાંદીપનિ આશ્રમ' નામની કોઈ ગ્રાન્ટમાન્ય બુનિયાદી શાળા છે કે કેમ તેની ચકાસણી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આવી કોઈ બુનિયાદી શાળા બોર્ડમાં રજિસ્ટર થયેલી નથી એવી નોંધ સાથે ઉક્ત અરજી 'શિક્ષણવિભાગ'ને પરત મોકલવામાં આવી.

ઉક્ત અરજી પર પૂરતા શેરા થઈ ગયા છે એમ લાગતાં હવે ઉક્ત અરજી ક્યા વિભાગને મોકલવી યોગ્ય છે તે બાબતનો 'શિક્ષણવિભાગ'માં શૈક્ષણિક દૃષ્ટિથી વિચાર કરવામાં આવ્યો. અરજી પર નખશિખ દૃષ્ટિ કરતાં (એટલે કે એક દૃષ્ટિ ઉપર, એક દૃષ્ટિ મધ્યે અને એક દૃષ્ટિ અંતે કરતાં) અધિકારીની નજરે 'લાકડાં ફાડવાં' શબ્દો પડ્યા એટલે અરજી જંગલખાતાને મોકલવાનું ઠરાવાયું.

અરજદાર જંગલમાં લાકડાં ફાડવા જતો એવું અરજીમાં લખવામાં આવ્યું હતું, એટલે 'જંગલવિભાગ'માં અરજી પર નીચે પ્રમાણે નોંધ કરવામાં આવી :

'અરજદાર જંગલમાં લાકડાં ફાડવા જતો એવું માલૂમ પડે છે. આ માટે એણે પરવાનગી લીધી હતી કે કેમ તે તપાસવું જરૂરી બને છે. દરમિયાન 'કાયદાવિભાગ'નો અભિપ્રાય પણ મેળવીએ.'

સુદામાની અરજી કાયદાવિભાગમાં પહોંચી. કાયદાખાતાએ નીચે પ્રમાણેનો શેરો કરી ઉક્ત અરજી જંગલખાતાને પાછી મોકલી :

'ગેરકાયદે જંગલ કાપવા અંગેના કાયદાઓ તદ્દન સ્પષ્ટ છે. આ કાયદાઓ અન્વયે યોગ્ય કાર્યવાહી કરવી.'

સુદામાની અરજી અંગે યોગ્ય કાર્યવાહી કરતાં પહેલાં 'ગૃહવિભાગ'નો અભિપ્રાય મેળવવાનું 'જંગલવિભાગ'ને યોગ્ય લાગ્યું.

'ગૃહવિભાગ'ના અધિકારીની નજરે 'લાકડાં ફાડવાં' ઉપરાંત 'પેન્શન' શબ્દ પણ પડ્યો એટલે આ વિભાગમાં નીચે પ્રમાણે નોંધ થઈ :

'જંગલવિભાગ' તરફથી લાકડાં ફાડવા માટે કાયમી ધોરણે મજૂરો રાખવામાં આવતા હોય તો એવા કોઈ મજૂરનો આ પેન્શન-કેસ હોઈ શકે. યોગ્ય કરવું.'

જંગલખાતા તરફથી આવા કોઈ મજૂર કાયમી ધોરણે રાખવામાં આવતા નહોતા; તેમ છતાં દૂરના ભૂતકાળમાં આવી કોઈ પ્રથા અમલમાં હતી કે કેમ તે નક્કી કરવા 'સામાન્ય વહીવટ વિભાગ'ને આ કેસ પરત સોંપવાનું 'જંગલવિભાગ'ને જરૂરી જણાયું.

દૂરના ભૂતકાળમાં આવી કોઈ પ્રથા હોવાનું માલૂમ પડતું ન હોવાનો 'સામાન્ય વહીવટ વિભાગ'નો સામાન્ય અભિપ્રાય થયો તેમ છતાં પેન્શન માટેની આ અરજી શ્રી કૃષ્ણચંદ્ર મહારાજ પર અંગત ધોરણે થઈ હોવાનું એક અધિકારીના ધ્યાનમાં આવતાં શ્રીકૃષ્ણચંદ્ર મહારાજની 'ધર્મપુન:સ્થાપન પેન્શન યોજના' અન્વયે મજકુર અરજીકર્તાને પેન્શન આપી શકાય તેમ છે કે કેમ તે અંગે 'નાણાવિભાગ'નો અભિપ્રાય મેળવવાનું યોગ્ય ગણાશે એવી ભલામણ સાથે ઉક્ત અરજી 'નાણાવિભાગ'ને મોકલવામાં આવી.

સુદામાજીની અરજી આ રીતે વિવિધ વિભાગોની વિચારના હેઠળ હોઈ સમગ્ર કાર્યવાહીમાં ઘણો વિલંબ થયો. શ્રીકૃષ્ણ તરફથી કશો જવાબ ન મળવાને કારણે સુદામાની પત્નીએ શ્રીકૃષ્ણને મળવા રૂબરૂ જવાનું સુદામા પર દબાણ કર્યું એટલે સુદામાજી તાંદુલ લઈને રૂબરૂ ગયા. આ પછીની કથા તો જાણીતી છે.

**નોંધ :** સુદામાજી શ્રીકૃષ્ણને મળવા તાંદુલ લઈને ગયા પછી પોતાનાં કામ માટે સરકારી કચેરીમાં 'તાંદુલ' લઈને જવાની પ્રથા કલિયુગમાં અસ્તિત્વમાં આવી. કેટલાંક સરકારી અધિકારીઓ પોતાની પાસે આવનારા સુદામાને ન ઓળખતાં હોય એ બનવાજોગ છે, પણ 'તાંદુલ'ને તો ઓળખતા જ હોય છે!

**('ભજ આનન્દમ', પ્રકાશન : ગૂર્જર પ્રકાશન)**

# વિશ્વકોશમાં કાશ્મીર અંગે સંજય ભાવસારનું વક્તવ્ય



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે તારીખ ૧૨મી ડિસેમ્બરના રોજ કાશ્મીરમાં બિનરાજકીય, બિનધાર્મિક અને વિશ્વહિતને દૃષ્ટિમાં રાખીને કાર્ય કરી રહેલા સંજય ભાવસારનું 'કાશ્મીર: પડઘાની સંભાવનાનો પ્રદેશ' વિષય પર વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણ, સંસ્કૃતિ, કૃષિ, આર્ટ એન્ડ ક્રાફ્ટ વગેરે પ્રવૃત્તિ યોજીને 'આપ હમારે હૈ, યાની કાશ્મીરી હમારે હૈ'નો ભાવ સાર્થક કરવા પ્રયાસ કર્યો હતો. આ માટે વિશ્વગ્રામના પચીસ સાથી મિત્રો, જેમાંના મોટાભાગના શિક્ષકો હતા, તેઓ ત્રણ અઠવાડિયા માટે અનંતનાથ જિલ્લાનાં ગામડાંઓની પચીસ શાળાઓમાં જઈને સર્જનાત્મક, રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા બાળકો, શિક્ષકો અને લોકો સાથે સંવાદ યોજીને આવ્યાં છે. એ જ રીતે કાશ્મીરના ત્રણ યુવાન અને એક યુવતીને ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ અર્થે અહીં બોલાવ્યા છે, જેમની સઘળી જવાબદારી સ્વીકારવામાં આવી છે. વિનોબાજીની કાશ્મીરની યાત્રા દરમિયાન તેમના દ્વારા અપાયેલાં પ્રવચનોનું સંકલન 'મોહબત્ત કા પૈગામ'નો ગુજરાતી અનુવાદ તૈયાર થઈ રહ્યો છે. કાશ્મીરની પાંચ શાળાઓને સ્માર્ટ ક્લાસરૂમ બનાવવાનું અને પચીસ શાળાઓમાં પુસ્તકાલય આપવાનું તેમજ જરૂરતમંદ બાળકોને આર્થિક સહયોગ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં કાશ્મીરના શિક્ષકોની શિક્ષણયાત્રા યોજાશે અને હવે પછી આગામી દિવસોમાં કાશ્મીર લર્નિંગ રિસોર્સ સેન્ટર બનાવવાનું વિચારી રહ્યા છીએ. ત્યાંની શાળાઓમાં પ્રયોગશાળાઓ બનાવવાનો પણ સંકલ્પ છે. કાશ્મીરમાં યુવા શિબિરો, કિશોર શિબિરો થતી નથી. પેઇન્ટીંગ, ડ્રામા, સંગીત, ઓરીગામી, પપેટ વગેરેના વર્કશોપ યોજવામાં આવશે. આ રીતે કાશ્મીરના લોકો સાથે વ્યાપક સંવાદ યોજવાના પ્રયત્નોને સુંદર પ્રતિસાદ બની રહ્યો છે. પ્રીતિબહેન શાહે વક્તાનો પરિચય આપ્યો અને વિશ્વકોશના ટ્રસ્ટી ડૉ. કુમારપાળ દેસાઈએ અભિવાદન કર્યું.

# આક્રંદ



બસ ધીમી ગતિએ જતી હતી. તારા બારી બહારનું આકાશ જોતી હતી.

મુંબઈથી કોંકણ જતી બસમાં તો એ ઘણી વાર ગયેલી. પણ દરેક વખત સુમન સાથે હતો. આજે બાજુમાં કોઈ પારકો માણસ બેઠો હતો. આવી રીતે એકલી પહેલી વાર મુસાફરી કરતી હતી, એ યાદ આવતાં એનું ગળું રૂંધાયું.

આ પ્રવાસ કેટલા ઉમંગથી થતો! મુંબઈના રોજિંદા જીવનથી દસ-પંદર દિવસની છુટ્ટી બંનેને ગમતી. ઘેર જેઠ-જેઠાણી, બાળકો... સોપારી, નારીયેળી, આંબા, કાજુનાં ઝાડ... બધું સુંદર સુંદર... વરસે એક વાર અચૂક આ બધું માણવાનું રાખેલું.

પ્રવાસ પણ કેટલો મજાનો! .... બારી પાસેની બેઠકની અદલાબદલી... સુમનને કૉફી જોઈએ જ, એટલે ખાસ થર્મોસમાં સાથે લેવાની... સુમન શાલ કાઢી કેવા પ્રેમથી એને ઓઢાડતો! અને શાલ નીચે મારો હાથ કેવો સજ્જડ ભીડી રાખતો!... મને સિંગ બહુ ભાવે, તે વચ્ચે વચ્ચે ઊતરી લઈ આવતો.... પૂરો થયો એ સહપ્રવાસ ... સુમન દૂર ચાલ્યો ગયો... દૂર... દૂર... ખૂબ દૂર...

કેવી વિચિત્ર સ્થિતિમાં આજે તેણે ફરી એકલા ગામ જવું પડે છે! સુમનને ગયે હજી માંડ આઠ મહિના થાય છે, ત્યાં જેઠ ગયાનો તાર આવ્યો. દીકરાની પરીક્ષા ચાલુ હતી. ઑફિસમાંયે કામ ઘણું હતું. છતાં એકાએક નીકળવું પડ્યું. ઘરનું કામકાજ આટોપવાનું... ટિકિટની વ્યવસ્થા કરવાની... બધું એકલે હાથે કરતાં તેને ભારે એકલતા સાલી.

પરંતુ રડતાં બેસી રહેવાનું એણે સ્વીકાર્યું નહોતું. સુમનને ગયાને પંદર દિવસ થયા અને એ ઑફિસે હાજર થઈ ગઈ. એકલી એકલી રડી લેતી, પણ કાળજું કઠણ કરીને બધી જવાબદારી ઉપાડતી થઈ ગયેલી... પોતાને

અનાથ ન માનવી... છોકરાંવને ઓશિયાળું ન લાગવા દેવું... મૃત્યુ અટલ છે તો તેને સ્વીકારીને ચાલવું... તારા મનોમન જેઠાણીને કહેવાનું રીહર્સલ કરી રહી હતી...

ઘેર પહોંચી તો તેને જોઈને જેઠાણીએ પોક જ મૂકી. ભેંસાસૂર સ્વરમાં.... 'હું અભાગણી... મેં શું પાપ કર્યા... મને એકલી મૂકીને...' તારા સ્તબ્ધ થઈ ગઈ. તાણ આવી... તાણ આવી. કોઈ પાણી છાંટવા લાગ્યું. કોઈ કાંદો સુંઘાડવા લાગ્યું. દસ-પંદર મિનિટે જેઠાણી ફરી ભાનમાં આવ્યાં.

કોઈએ તારાને બાજુ પર લઈને કાનમાં કહ્યું, 'હમણાં વાત ન કરશો. એમને ભારે આઘાત લાગ્યો છે.'

'આનો ધણીએ હમણાં જ ગયો ને?'
'હા, પણ એને ઝાઝું લાગ્યું હોય એમ દેખાતું નથી. ખાસ્સી બેફિકરાઈથી ફરે છે!'
'મુંબઈના માણસોને શું? એમનું બધું નિરાળું.'

તારા મૂંગી રહી. બધું જોતી રહી. જેઠાણીની હાલત જોઈ એનું કાળજું કપાઈ જતું હતું. પણ કાંઈ કરી શકતી નહોતી. જે આવે તે એની એ વાત કર્યા કરતું. અને એની એ રડારોળ. મોટેમોટેથી રડવાનું, રડતાં-રડતાં બોલવાનું અને બોલતાં-બોલતાં દાંત ભીંસાઈ જવા, અક્કડ થઈ જવું.

તારાને સમજાતું નહોતું કે શું કરવું. તેવામાં એક દિવસ બપોરે જરીક આડી પડી હતી, ત્યારે બાજુના ઓરડામાં થતી વાતચીત એના કાને પડી :

'આનો ધણીએ હમણાં જ ગયો ને?'

'હા, પણ એને ઝાઝું લાગ્યું હોય એમ દેખાતું નથી. ખાસ્સી બેફિકરાઈથી ફરે છે!'

'મુંબઈના માણસોને શું? એમનું બધું નિરાળું.'

'અને આ જુઓ એ! ધણી જતાં જાણે એનો પ્રાણ હરાઈ ગયો છે! દિવસમાં દસ વાર તો તાણ આવી જાય છે!'

'હૃદયમાં માયા-મમતા જોઈએ.'

આંખો મીંચીને પડેલી તારાને ડામ લાગ્યા જેવું થયું. 'સુમન વિના હું શી રીતે જીવું, તે કેમ કહું?' અને જેઠાણીને આમાંથી છોડાવવાનો એનો નિર્ધાર વધુ દ્રઢ બન્યો.

જેઠાણીને પ્રેમથી સમજાવી. જનાર માણસ પ્રત્યેનો પ્રેમ છોકરાંવને સાચવીને, એનું કામકાજ વધારે સારી રીતે સાંભળીને વ્યક્ત કરવાનો હોય. હિંમતથી કામ લેવાનું.

દસ દિવસ થયા. તારાએ જેઠાણીને એના ઓરડામાંથી બળજબરીએ ઉઠાડી. માથે નવડાવી. જાતે વાળ ઓળી આપ્યા. ખુલ્લી ઓસરીમાં લાવીને બેસાડી. જે કોઈ આવે એની સાથે વાતનો દોર પોતે હાથમાં લઈ લેતી. રડારોળ થવા દેતી નહીં. જેઠાણીને પ્રેમથી સમજાવી. જનાર માણસ પ્રત્યેનો પ્રેમ છોકરાંવને સાચવીને, એનું કામકાજ વધારે સારી રીતે સાંભળીને વ્યક્ત કરવાનો હોય. હિંમતથી કામ લેવાનું.

જેઠાણી ઘણાં હળવાં થયાં. હળવાશથી બોલતાં-ચાલતાં થયાં. બે દિવસ પછી તારા પાછી જતી હતી, તેને વળાવવા ખડકી સુધી આવ્યાં. તેવામાં દિલ્હી રહેતાં એમનાં મોટા માસી દેખાયાં. દૂરથી જ એમણે પોક મૂકી. તારા હેબતાઈને જોતી જ રહી. ઘડીભર એના પગ થંભી ગયા. પેલું આક્રંદ તેનાં તનમનને ચટકા દેવા લાગ્યું. એક ઊંડો નિઃસાસો નાંખી એણે બૅગ ઉપાડીને ચાલવા માંડ્યું. પેલા આક્રંદથી શક્ય તેટલું ઝડપથી દૂર... દૂર...

**(મંદાકિની ગોડસેની મરાઠી વાર્તાને આધારે,**
**રૂપાંતર : હરિશ્ચન્દ્ર, પુસ્તક : 'વીણેલાં ફૂલ'માંથી,**
**સાભાર : યજ્ઞ પ્રકાશન)**



અમર ભટ્ટ

# પંડિત કુમાર ગાંધર્વનું કબીરગાન

'સપ્તક' શાસ્ત્રીય સંગીત સંમેલન (પહેલીથી તેરમી જાન્યુઆરી ૨૦૧૮) દરમિયાન એક સાંજે અગ્રગણ્ય શાસ્ત્રીય ગાયક પદ્મવિભૂષણ પંડિત કુમાર ગંધર્વ (જન્મ: ૮.૪.૧૯૨૪, અવસાન: ૧૨.૧.૧૯૯૨) ઉપર એક ફિલ્મ પ્રદર્શિત થઈ—'હંસ અકેલા—કુમાર ગંધર્વ'. એકે ક્ષણ ગુમાવવાનું મન ન થાય એવી ફિલ્મ ડિવીઝનની આ દસ્તાવેજી ફિલ્મ યુ ટ્યુબ પર પણ છે (https://youtu.be/Fv4ynjy8m04). ૧૯૪૭થી લગભગ પાંચસાત વર્ષ ટીબીની જીવલેણ બીમારીને લીધે ફેફસાં પર વધુ શ્રમ ન પડે માટે ડૉકટરોએ એમને ગાન બંધ કરવાની સલાહ આપી હતી અને સૂકી આબોહવાવાળા પ્રદેશમાં રહેવા સૂચવ્યું હતું, એટલે એ મધ્યપ્રદેશમાં દેવાસમાં વસવાટ કરતાં હતા. ગાન બંધ થયું પણ મૌનવાસ દરમિયાન 'કાનનો રિયાઝ' અને નિર્ગુણ સ્વરૂપનો વિચાર સતત ચાલતો રહ્યો. કુદરતનું સંગીત, પક્ષીના અવાજ, પવનનો સૂસવાટ, ફકીરોનું ગાન ત્યાં લોકસંગીતમાં ગવાતાં કબીરના પદો—આ બધું જ—કુમારજીએ મૌન રહી ગ્રહ્યું. ૧૯૫૨માં ભારતમાં ટીબીની દવા પ્રાપ્ય બનતાં એમનો ઈલાજ શક્ય બન્યો. ગાન પુન: શરૂ થયું. કબીરના નિર્ગુણી ભજનો એમણે સ્વરબધ્ધ કરીને પોતાનાં કાર્યક્રમોમાં રજૂ કરવા માંડ્યાં અને એ રીતે પરંપરાથી ઉફરા જઈને શબ્દ અને સંગીતની દિવ્યતા અને ભવ્યતાનો અનુભવ કરાવ્યો. ફિલ્મનું નામ યથાર્થ રીતે કબીરસાહેબના એક પદ ઉપરથી છે—'ઉડ જાયેગા હંસ અકેલા'.

આજે કુમારજીએ ગાયેલાં કબીરના બે પદો વિશે વાત કરવી છે. એક છે- 'ઝીની ઝીની બીની ચદરિયા' (https://youtu.be/cNl_pK0u9-k) અને બીજું છે—'સુનતા હૈ ગુરુજ્ઞાની, ગગનમેં અવાજ હો રહી ઝીની ઝીની' (https://youtu.be/ordi4e72nVY). બંનેમાં 'ઝીની ઝીની' શબ્દપ્રયોગ છે. એકમાં ચાદર વણવા માટે અને બીજામાં ગગનગેબી અવાજ માટે. ગાન સાથે માત્ર તાનપુરા અને તબલાં છે, હાર્મોનિયમની સંગત નથી.

પ્રથમ પદમાં કબીર અને એમનો વણાટકામનો અનુભવ કવિતામાં લાવે છે. કહે છે કે કુમારજીએ વણાટકામની સાળનો લય સાંભળીને આત્મસાત કર્યો અને એ લય આ પદમાં છે. (કવિ-કલાકારોને ક્યાં-ક્યાંથી લય મળે છે? ઉમાશંકર જોશીનાં 'નિશીથકાવ્યો'માં મુંબઈની લૉકલ ટ્રેનનો લય છે.) સાત માત્રાનો અનોખો તાલ છે—પણ એ સાત માત્રાનો પરંપરાગત વાગતો રૂપક તાલ નથી કે નથી એમાં ભરી ભજન ઠેકાનો દીપચંદી. 'ચદરિયા' શબ્દનું સ્વરાંકન ઝીણવટથી સાંભળીશું તો એમાં—'સા' અને 'કોમળ રે'—નાનકડી તાન રૂપે સાથ લીધા છે ને એ રીતે સૂરની ચાદર વણી છે. અંતરામાં 'ઇંગલા પિંગલા'માં સહેજ ચઢેલો 'કોમળ ધૈવત'—બે ધૈવત વચ્ચેનો કોઈ સ્વર—જરૂર ધ્યાન ખેંચે છે. હાર્મોનિયમના શુદ્ધ ધૈવત અને કોમળ ધૈવતની વચ્ચેનો કોઈ ધૈવત, હાર્મોનિયમમાં ક્યાંથી મળે? વળી કોમળ ચઢેલો ને એની સંગતિમાં તાર સપ્તકનો કોમળ રિષભ (રે) પણ. (એક ઉલ્લેખ કરવાનું મન થાય છે- કવિવર ટાગોર અને ગાનસરસ્વતી કિશોરી અમોનકર પણ સંગત માટે હાર્મોનિયમ પસંદ નહોતાં કરતાં.)

બીજું પદ છે 'ગગનમેં આવાઝ હો રહી ઝીની ઝીની'. નરસિંહનું 'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો' જરૂર યાદ આવશે. 'અવાજ હો રહી'ના શુદ્ધ સ્વર પછી 'ઝીની ઝીની' કોમળ ધૈવત પર કેવી સુંદર રીતે લીધું છે અને 'ઝીની અવાજ'નો ભાવ પ્રદર્શિત કર્યો છે! કેરવા તાલનો એકધારો ઠેકો, ગાનમાં 'હો જી'ના પ્રયોગથી પ્રગટ થતી લોકસંગીતની મસ્તી અને કબીરના શબ્દોમાં ને કુમારજીના ગાનમાં વ્યક્ત

થતી બ્રહ્માંડનાં રહસ્યોની ખોજ, બે સ્વરો વચ્ચેના અવકાશમાં રહેલા કોઈ સ્વરની શોધમાં થઈ રહેલી સાંગીતિક યાત્રા આપણને જુદા જ સ્તરે લઈ જાય છે.

'ઝીની ઝીની' પ્રયોગ અન્ય કેટલી કવિતાઓની યાદ અપાવે છે—રાજા તારા ડુંગરિયા પર બોલે ઝીણા મોર—(મીરાંબાઈ), જંગી ઢોલ ઘણા ગડગડે, ઝીણી વાત કાને નવ પડે—(અખો), ઝીણા ઝરમર વરસે મેહ કે ભીંજે મારે ચૂંદડલી (ન્હાનાલાલ), ઝીણા ઝીણા રે આંકેથી અમને ચાળિયાં (અનિલ જોશી)...

જેમ એકમાંથી બીજી કવિતામાં તેમ જ એકમાંથી બીજા ગીતમાં સરી પડવું ગમે છે. કુમારજીની અસરમાં મેં આપણી ભાષાનાં કેટલાંક કાવ્યો સ્વરબદ્ધ કરવાનો પ્રયાસ કર્યો—અમને ગુરુ મળ્યા છે ગરવા (મનુભાઈ ત્રિવેદી 'સરોદ'), વજન કરે તે હારે રે મનવા ભજન કરે તે જીતે (મકરન્દ દવે), ખાટી રે આંબલીથી કાયા રે મંજાણી (રાજેન્દ્ર શાહ); પણ જ્યારે ગાવા જાઉં ત્યારે કુમારજીનું ગાન યાદ આવે છે અને સાથે સાથે ટાગોરની આ કવિતા પણ 'હે ગુણીજન તમે કેવી રીતે ગાઓ છો? હું તો અવાક થઈને સાંભળી રહું છું તમને. એમ થાય છે કે હું એવા સૂરે ગાઉં પણ મારા કંઠમાં સૂર શોધ્યોય જડતો નથી... મારી ચોતરફ સૂરની જાળ ગૂંથીને મને તમે કેવા ફંદામાં ફસાવ્યો છે?'

ઓમકારનાથ ઠાકુરે કહ્યું છે કે શાસ્ત્રીય સંગીતનું મૂળ લોકસંગીતમાં છે. કુમારજીનાં આ પદોમાં શાસ્ત્રીય સંગીત અને લોકસંગીતનું ઐક્ય સાંભળો, નાદબ્રહ્મ અને શબ્દબ્રહ્મનો શુભયોગ માણો. આપણે આ 'ગાંધર્વગાન'ને મૌનના ટહુકા' કહીશું? 'આદિલ' મન્સૂરીનો શેર છે—

**સમય પણ સાંભળે છે બે ઘડી રોકાઈને 'આદિલ',**
**જગતના મંચ પર જ્યારે કવિનું મૌન બોલે છે.**

**(સાભાર : વિશ્વકોશ, 'વિશ્વવિહાર')**



# કંઠ સંગીતના ઘરાણાં


બંદે-અલી-ખાન


પંડિત વિષ્ણુ દિગંબર પુલુસ્કર


હાજી સુજન ખાં

ઘરાણાં શબ્દનો અર્થ કુટુંબ થાય છે. સંગીતમાં ઘરાણાંની વ્યાખ્યામાં કુટુંબીઓ ઉપરાંત શિષ્યોનો સમાવેશ પણ થાય છે. એક જ કુટુંબમાં સંગીતકારો તથા તેમના શિષ્યો જે કોઈ ખાસ પ્રણાલિકાને અનુસરતા હોય, અને ગુરુ-શિષ્ય પરંપરા પ્રમાણે પ્રદાન કરવામાં આવી હોય, એવી પ્રણાલિકા અથવા શૈલીને માટે ઘરાણું (હિંદીમાં ઘરાના) શબ્દ વપરાય છે. આ શબ્દ અંગ્રેજી ભાષામાં ‘સ્કૂલ’ શબ્દને બંધબેસતો છે.

દુનિયાભરના સંગીતમાં રાગ તથા તાલની કલ્પના ભારતીય સંગીત સિવાય ક્યાંય નથી, ભારતીય સંગીતમાં પ્રત્યેક રાગના નિયત સ્વરો તથા તેની પકડ (સ્વરવિધાનોનું માળખું)નો આધાર લઈને કલાકારે સંગીતની ઈમારત ચણવી પડે છે. આથી પ્રત્યેક સંગીતકાર પોતાની આગવી કલ્પનાથી તથા સૌંદર્ય-દ્રષ્ટિથી રાગને સજાવે છે અને તેમાં વિશિષ્ટતા આણવાનો પ્રયત્ન કરે છે. પ્રખર સંગીતકારોની આ વિશિષ્ટતાઓ અંતે ઘરાણાંમાં પરિણમી હતી.

સંગીતમાં લગભગ વીસેક ઘરાણાં ગણાય છે પણ તેમાંનાં કેટલાંક નાબૂદ અથવા મૃતપાય થઈ ગયાં છે.

જે જે સ્થળોએ વિવિધ ઘરાણાંના સંગીતકારો સ્થાયી થઈને રહ્યા હતા તે તે સ્થળોના નામ ઘરાણાંઓને આપવામાં આવ્યાં.

હાલના સમયના પ્રચલિત ઘરાણાંઓ તથા ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્ત્વનાં એવાં કેટલાંક ઘરાણાંઓ હવે વિગતવાર વાત કરીશું.

### કવ્વાલ બચ્ચેનું ઘરાણું

અસલના વખતમાં આ ઘરાણું બહુ મશહૂર હતું. મુશ્કેલ પ્રકારની તાનોની ફિરત તથા કઠીન તરેહની ગાયિકી આ ઘરાણાંની વિશેષતા હતી. આ ઘરાણાંના સંગીતકારોને સાંભળી સાંભળીને અન્ય ઘરાણાંના પુષ્કળ સંગીતકારોએ

એમની ગાયિકીનો રંગ પોતાનાં સંગીતમાં આણ્યો હતો.

કહેવાય છે કે દિલ્હીના બાદશાહ અલ્તમશના વખતમાં સાવન અને બુલા નામના બે ભાઈઓ દિલ્હીમાં રહેતા હતા. તેમાંનો એક મૂંગો તથા બીજો બહેરો હતો. એક વખત મજાકમાં કોઈએ બાદશાહને જણાવ્યું કે આ બેઉ ભાઈઓ ઉત્તમ સંગીતકાર છે. તે પરથી બાદશાહે એમને માટે દુઆ ગુજારી. જેને પરિણામે આ બેઉ ભાઈઓ ઉમદા પ્રકારનું સંગીત ગાવા માટે શક્તિમાન થયા અને આ રીતે કવાલ બચ્ચે ઘરાણાંનું સર્જન થયું.

આ ઘરાણાંમાં શક્કરખાં, મખ્ખનખાં, જદ્દુખાં વગેરે મહાન ગાયકો થઈ ગયા. શક્કરખાંના સુપુત્ર મહમદખાં પણ પ્રખર સંગીતકાર હતા. તેઓ વાજીદઅલીશાહના તથા એના પતન પછી ગ્વાલિયર રાજ્યના દરબારી ગાયક હતા.

એ અરસામાં ગ્વાલિયર ઘરાણાંના સ્થાપક નથ્થન-પીરબક્ષના પુત્રો હદ્દુખાં તથા હસ્સુંખાં પણ ગ્વાલિયરમાં રાજ્ય ગાયક હતા. ગ્વાલિયર નરેશનો એમના પર બહુ પ્રેમ હતો અને એમની ઈચ્છા એવી હતી કે મહમદખાંની ગાયિકીનો રંગ આ બેઉ ભાઈઓના સંગીતમાં આવી જાય. કહેવાય છે કે આ કારણથી મહારાજા જ્યારે જ્યારે મહમદખાંનું સંગીત સાંભળતા ત્યારે તે બેઉને પડદાં પાછળ બેસાડતાં. આમ વર્ષો સુધી ચાલ્યું. એક વખત મહારાજાએ મહમદખાં સમક્ષ આ બેઉ ભાઈઓનો જલસો ગોઠવ્યો અને એમના સંગીતમાં મહમદખાંએ પોતાનાં સંગીતનો જ આભાસ વર્ત્યો. તેઓ તરત જ સમજી ગયા કે છળકપટથી જ એમની ગાયિકી ચોરી થવા પામી હતી આથીએ ખિન્ન થયા. એમણે જણાવ્યું કે જો આપે મને આ બેઉ ભાઈને શીખવવાનો આદેશ આપ્યો હોત તો હું તે માટે વિના સંકોચે કબૂલ થાત. તરત જ મહારાજાએ હદ્દુખાંને ઈશારો કર્યો અને એણે મહમદખાંના પગ પકડી લીધા. ત્યારબાદ મહમદખાંએ તે બેઉ ભાઈઓને તાલીમ આપી અને એમણે પુષ્કળ નામના મેળવી.

આ ઘરાણાંના બીજા એક પ્રખર સંગીતકાર મુબારકઅલીખાં હતા. એમણે કોઈને વિદ્યાદાન કર્યું નહોતું, પણ એમના સંગીતની ઊંડી અસર આગ્રા ઘરાણાંના નથ્થનખાં તથા જયપુર ઘરાણાંના પ્રણેતા અલાદિયાખાં પર થઈ હતી.

આ ઘરાણાંના એક સુપ્રસિદ્ધ સંગીતકાર સાદિકઅલીખાં હતા. ખ્યાલ ગાયિકી ઉપરાંત ઠુમરીની શૈલીના પણ તેઓ નિષ્ણાત હતા. ઠુમરીની શૈલીમાં એમણે એટલું બધું પરિવર્તન આણ્યું હતું કે એથી ઠુમરીનો રંગ જ બદલાઈ ગયો અને તેઓ બનારસ, કલકત્તા, ગયા વગેરે શહેરોમાં ખૂબ પ્રચાર થયો.

આ ઘરાણાંમાં બીજા અનેક મહાન સંગીતકાર થઈ ગયા, પણ હાલના વખતમાં આ ઘરાણાંનો કોઈ કલાકાર હયાતીમાં છે કે કેમ તે બાબત શંકાસ્પદ છે.

### સહરાનપુર (ડાગર) ઘરાણું

સહરાનપુરમાં રહેતા ખલીફા મુહમ્મદ ઝમા સાહેબ નામના એક સૂફી સંત આ ઘરાણાંના એક મહાન સંગીતકાર હતા. તેઓ કંઠ-સંગીત ઉપરાંત વીણા, રબાબ (સરોદને મળતું એક તંતુવાદ્ય) તથા સિતારના અપ્રતિમ કલાકાર હતા. આ ઘરાણાંની ગાયિકી ધ્રુપદ શૈલીની હતી અને આખર સુધી તે જ રહી.

આ ઘરાણાંના એક કલાકાર બન્દેઅલીખાં વીણાવાદનમાં અદ્વિતીય લેખાતા. તેઓ ફકીરી વૃત્તિના હતા અને બહુ જ ધૂની હતા. તેઓ કેટલીક વખત જલસાની અધવચ્ચે જ વગાડવાનું બંધ કરીને ઊઠી જતા. એક વખત હૈદરાબાદના નિઝામ એમનું સંગીત સાંભળી રહ્યાં હતા એટલામાં બન્દેઅલીખાંને ખાંસી આવી અને પાસે જ પડેલી નિઝામની સોનાની પિકદાનીમાં તેઓ થૂંક્યા. જલસો સમાપ્ત થયો એટલે નિઝામે સેવકોને હુકમ કર્યો કે તે પિકદાની બન્દેઅલીખાંને

બક્ષિસમાં આપી દેવી. આ સાંભળી બન્દેઅલીખાં બોલી ઊઠ્યા કે જે વસ્તુમાં થૂંક્યા હતા તે પોતાને નહીં ખપે, અને સેવકોને પિકદાનીના ટુકડા કરીને આપસમાં વહેંચી લેવાનો આદેશ આપ્યો. કિરાણા તથા ગ્વાલિયર ઘરાણાંના સંગીતકારો એવો દાવો કરે છે કે બન્દેઅલીખાં એમના ઘરાણાંના કલાકાર હતા.

આ ઘરાણાંમાં બહેરામખાં નામના એક પ્રખર સંગીતકાર થઈ ગયા. તેઓ જયપુર રિયાસતના રાજ્ય-ગાયક હતા. ધ્રુપદ શૈલીના અપ્રતિમ કલાકાર હોવા ઉપરાંત તેઓ હિંદી તથા સંસ્કૃત ભાષાના પંડિત હતા અને સંગીતને લગતા સર્વ સંસ્કૃતગ્રંથોનું એમણે બારીક અધ્યયન કર્યું હતું. એમના શિષ્યમંડળમાં પતિયાલા ઘરાણાંના મશહૂર ગાયક કાલેખાં પણ હતા. પંજાબના મહારાજા રણજિતસિંહે બહેરામખાંને 'અલ્લામા અબુલ-અવામે-અબાબે-ઈલ્મે મૌસિકી, ષટ-શાસ્ત્રી સ્વર-ગુરુ, બૃહસ્પતિ, પાતાળ શેષ, આકાશ ઈન્દ્ર, પૃથ્વીમાંડલિક' એવા જડબાતોડ ઈલકાબ અર્પણ કર્યો હતો. કહેવાય છે કે બહેરામખાંને જયપુરનાં મહારાજે એક હાથી ભેટ આપ્યો હતો અને તેના પર બેસીને તેઓ દરબારમાં જતા. એમના વંશજો ઝાકિરૂદ્દીનખાં, અલાબંદેખાં, ઝીયાઉદ્દીનખાં તથા નસીરુદ્દીનખાં પ્રખર સંગીતકાર હતા અને રાજસ્થાનની કેટલીક રિયાસતોમાં દરબારી ગાયકોનો હોદ્દો શોભાવતા હતા.

પછીથી નસીરુદ્દીનખાંના સુપુત્રો અમીનુદ્દીન તથા ઝહીરુદ્દીન આ ઘરાણાંના શ્રેષ્ઠ ગાયકો બન્યા. એમની પાસે ઉત્કૃષ્ટ બંદિશો મોટી સંખ્યામાં હતી. તેઓ ધ્રુપદ શૈલીના ગાયકો હતા અને નોમતોમ આલાપ બેનમૂન રીતે કરતા. પણ લયકારીમાં તેઓ જોઈએ તેટલી ઝમક લઈ શકતા નહોતા. ઝીયાઉદ્દીનના પુત્ર ઝીયા મોઇયુદ્દીન તે સમયના સર્વશ્રેષ્ઠ વીણા-વાદક હતા.

**આગ્રા ઘરાણું**

આ ઘરાણું તેરમા સૈકાથી અસ્તિત્વમાં છે અને અસલના વખતમાં તેના સંગીતકારો 'નૌહરી બાની'માં ધ્રુપદ શૈલીનું સંગીત ગાતા. તેરમા સૈકામાં અલાઉદ્દીન ખીલજીના રાજ્યકાળમાં દેવગિરિના પ્રખર સંગીતકારો નાયક ગોપાલ દિલ્હી ગયા અને ત્યાં જ સ્થાયી થઈને રહ્યાં. કેટલીક પેઢીઓ પછી સુજાનદાસ નૌહર નામના એક મહાન સંગીતકાર આ ઘરાણાંમાં થઈ ગયા. પાછળથી એમણે ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો તથા હજની યાત્રા કરી અને ત્યારથી તેઓ હાજી સુજાનખાંને નામે ઓળખાવા લાગ્યા. તેઓ શહેનશાહ અકબરના દરબારી ગાયક હતા અને એમણે સવાસો વર્ષનું આયુષ્ય ભોગવ્યુ હતું. ત્યાર બાદ ઔરંગઝેબના વખતમાં સરસરંગ તથા મહમદશા રંગીલેના વખતમાં શ્યામરંગ નામના બે મહાન ગાયકો થઈ ગયા.

શ્યામરંગના પુત્ર ખુદાબક્ષનો અવાજ ઘોઘરો હતો આથી એમને સૌ ધગ્ધે ખુદાબક્ષ કહેતા તથા એમના સંગીતની હાંસી ઉડાવતા. કુટુંબીઓની આકરી ટીકાઓ સહન ન કરી શકવાથી તેઓ પોતાનું વતન આગ્રા છોડીને ગ્વાલિયર ગયા અને ત્યાં ગ્વાલિયર ઘરાણાંના મશહૂર ગાયક નથ્થન પીરબક્ષ પાસેથી ખ્યાલ શૈલીની તાલીમ લીધી. બાર વર્ષ સુધી અવિરત રિયાઝ (મહેનત) કરીને એમણે કંઠને અત્યંત સુરીલો બનાવ્યો. પોતાનાં ઘરાણાંની ધ્રુપદ શૈલીમાં ગ્વાલિયર ઘરાણાંની ખ્યાલ શૈલીનો સુમેળ કરીની એમણે હાલમાં પ્રચલિત આગ્રા ઘરાણાંનાં સંગીતની શૈલીનો પ્રારંભ કર્યો.

એમણે પોતાના પુત્ર શેરખાં તથા બે પૌત્રો ગુલામ અબ્બાસખાં તથા કલ્લનખાંને તાલીમ આપી. લગભગ દોઢસો વર્ષ પૂર્વે શેરખાં મુંબઈ આવ્યા અને ત્યારથી આગ્રા ઘરાણાંની સંગીત પ્રણાલિકા મુંબઈ તેમજ તેની આસપાસના વિસ્તારોમાં પ્રસરી, ગુલામ અબ્બાસખાંએ એકસો નવ વર્ષનું

આયુષ્ય ભોગવ્યું હતું. એમણે પોતાનાં ભાઈ કલ્લનખાં, ભત્રીજા નથ્થનખાં તથા દૌહિત્ર ફૈયાઝખાંને તાલીમ આપી હતી અને તે સૌ મહાન સંગીતકાર નીવડ્યા. નથ્થનખાંએ સ્વર તથા લય પર અનેરું પ્રભુત્વ મેળવ્યું હતું અને એમના જમાનાના સર્વશ્રેષ્ઠ ગાયકોમાં એમની ગણના થતી હતી. એમની તાનોની ફિરત આહલાદક તેમજ વિસ્મયકારક હતી.

ફૈયાઝખાં એક સંપૂર્ણ કલાકાર હતા અને એમના જેવા પ્રતિભાવાન સંગીતકાર ભવિષ્યમાં થશે કે કેમ એ શંકાસ્પદ છે. મહિસુરના મહારાજાએ એમને 'આફતાબેમૌસિકી' (સંગીતના સૂર્ય) એવો ઈલકાબ આપ્યો હતો. એમનો અવાજ સુરીલો છતાં ખૂબ જ બુલંદ હતો. ધ્રુપદ, ખ્યાલ તથા ઠુમરી ત્રણેય શૈલી પણ એમણે પ્રભુત્વ મેળવ્યું હતું. એમની ગાયિકી બહુ જ રંગદાર હતી અને ઘણાં સંગીતજ્ઞોના મંતવ્ય મુજબ તેઓ એમના વખતના સર્વશ્રેષ્ઠ સંગીતકાર હતા. એમનું અવસાન ઈ.સ. ૧૦૫૦માં થયું હતું. 'પ્રેમપિયા'ના ઉપનામ હેઠળ એમણે અનેક બંદિશોની રચના કરી હતી.

કલ્લનખાંનો કંઠ બહુ જ સુરીલો હતો અને તેઓ જયપુરના રાજ્યગાયક હતા. એમના પુત્ર તસદ્દક હુસેન બહુ જ વિદ્વાન હતા અને ઉત્તમ બંદિશકાર હતા. એમનું ઉપનામ 'વિનોદપીયા' હતું. નથ્થનખાંના પુત્રોમાં મહમદખાં, અબ્દુલ્લાખાં તથા વિલાયત હુસેનખાં ઉચ્ચ કક્ષાના ગાયક હતા. વિલાયત હુસેનખાં લયકારીના નિષ્ણાત હતા અને અપ્રચલિત રાગો તેઓ બહુ જ સહેલાઈથી ગાતા. એમણે સાઠેક ઉત્કૃષ્ટ બંદિશો 'પ્રાણપીયા'ના ઉપનામ હેઠળ રચી છે. એમના પુત્ર યુનુસ હુસેનખાં પણ ઉત્તમ ગાયક તથા બંદિશકાર હતા. એમનું ઉપનામ 'દર્પણ' હતું. વિલાયત હુસેનખાંએ છુટ્ટે હાથે વિદ્યાદાન કર્યું હતું અને એમના શિષ્યોમાં ખાદીમ હુસેન, અનવર હુસેન, લતાફત હુસેન, શરાફત હુસેન, મોઘુબાઈ કુરડીકર, ઇન્દિરા વાડકર તથા જગન્નનાથબુવા પુરોહિત ઉલ્લેખનીય છે. ખાદીમ હુસેને 'સાજ' તથા જગન્નનાથબુવાએ 'ગુણીદાસ' એવાં ઉપનામો હેઠળ પુષ્કળ સુંદર બંદિશોની રચના કરી હતી.

તે સમયમાં આગ્રા ઘરાણાંના શ્રેષ્ઠ કલાકારો ઉસ્તાદ ખાદીમ હુસેન, લલિત રાવ તથા ઉસ્તાદ યુનુસ હુસેન હતા. પોતાનાં ઘરાણાંનું અસલ સ્વરૂપ ધ્રુપદ અંગનું હતું તે બાબત દર્શાવવા માટે આગ્રા ઘરાણાંના ઘણાંખરા ગાયકો શરૂમાં નોમતોમ આલાપ કરે છે અને ત્યાર બાદ જ બંદિશની રજૂઆત કરે છે.

આગ્રા ઘરાણાંની વિશેષતાઓ: રાગની શુધ્ધતા, અટપટી લયકારી, સ્વરોનો સુંદર લગાવ, ખુલ્લો અવાજ. જોરદાર ગાયિકી, ઉત્કૃષ્ટ બોલ-તાનો તથા અનેક અપ્રચલિત રાગો, દાખલા તરીકે: કુકુભ બિલાવલ, નટ બિલાવલ, શુક્લ બિલાવલ, જૈજ બિલાવલ, હુસેની કાનડો, મુદ્રિત કાનડો, મીરાંબાઈનો મલ્હાર, ચૌરંગી મલ્હાર, રામદાસી મલ્હાર, શુભ્રાગૌરી, રામગૌરી, સામંત સારંગ, લંકાદહન સારંગ વગેરેની સુંદર બંદિશો.

### ગ્વાલિયર ઘરાણું

આ ઘરાણાંના સ્થાપક નથ્થન પીરબક્ષ હતા. તેઓ ઉપરાંત તેમના પુત્રો હદ્દુખાં, હસ્સુખાં તથા નથ્થુખાં અને એમના ભત્રીજા નિસાર હુસેનખાં પ્રખર સંગીતકારો હતા. હદ્દુખાંના પુત્ર રહેમતખાં એમના જમાનાના સર્વશ્રેષ્ઠ ગાયક ગણાતા અને સંગીતજ્ઞોએ એમને ભૂ-ગંધર્વ (પૃથ્વી પર વસતો ગંધર્વ)ની ઉપાધી બક્ષી હતી. ગાતી વખતે એમના શરીર કે હાથોનું બિલકુલ હલનચલન થતું નહી. તેઓ દેખાવે ખૂબસૂરત હતા, પણ કહેવાય છે કે એમણે અપમાનજનક વર્તનથી એક ઓલિયાની બદદુઆ વહોરી લીધી હતી અને તે કારણે એમના ચહેરામાં વિકૃતિ આવી ગઈ હતી તેમ જ એમનું મગજ અસ્થિર થઈ ગયું હતું. આખરી વર્ષોમાં

તેઓ એમના પિતાના શિષ્ય પ્રોફેસર છત્રેના સરકસ સાથે ઠેકઠેકાણે ફર્યા કરતાં. તે વખતમાં જો કોઈ એમને સીધી રીતે ગાવા માટે કહેતું તો તેઓ એ વાત લક્ષમાં લેતા નહીં. આથી લોકોએ એમને ગવડાવવા માટે એક તરકીબ શોધી હતી અને તે એ કે એમની હાજરીમાં કોઈ બેસૂરું સંગીત ગાવા માંડતું તે સાંભળીને રહેમતખાં બે-ચાર ગાળો ભાંડીને પોતાનું અનુપમ સંગીત વહેતું મૂકતા.

નિસાર હુસેનખાંના શિષ્ય રામકૃષ્ણબુવા વઝે એક સમર્થ સંગીતકાર હતા. હદ્દુખાંના શિષ્યો બાબા દીક્ષિત, જોશીબુવા, બાલા ગુરુજી તથા બાલકૃષ્ણબુવા ઈચલકરંજીકર પણ ઉચ્ચ કક્ષાના ગાયકો હતા.

બાલકૃષ્ણબુવા તથા એમના શિષ્ય વિષ્ણુ દિગંબરે મહારાષ્ટ્રમાં સંગીતનો ખૂબ જ પ્રચાર કર્યો હતો. વિષ્ણુ દિગંબરે તો એ માટે ભેખ લીધો હતો અને સંસ્કારી કુટુંબોમાં શાસ્ત્રીય સંગીત પ્રત્યે અભિરુચિ પેદા કરવાને અને તેને લોકપ્રિય બનાવવા અર્થે એમણે પોતાનાં તન, મન અને ધન હોમી દીધાં હતાં. એમનો અવાજ ખૂબ જ સુરીલો તથા બુલંદ હતો. એક વખત કોંગ્રેસના અધિવેશનમાં એમણે માઈક્રોફોનને દૂર હડસેલીને પચીસ હજાર માણસોની મેદની વચ્ચે સૌ સાંભળી શકે એવી રીતે રાષ્ટ્રગાન ગાયું હતું. એમણે સંગીત વિષયક પુષ્કળ પુસ્તકો રચ્યાં હતા અને શાસ્ત્રીય સંગીતના ગીતોનું સ્તર ઊંચું લાવવાના આશયથી અનેક ભજનોને વિવિધ રાગોમાં સ્વરબદ્ધ કર્યા હતા. સંગીતની શાસ્ત્રોક્ત તાલીમ માટે એમણે ભારતનાં કેટલાંક શહેરોમાં ગંધર્વ મહાવિદ્યાલયો સ્થાપ્યા હતાં.

વિષ્ણુ દિગંબરના શિષ્યો નારાયણ મોરેશ્વર ખરે, ઓમકારનાથ, પ્રોફેસર દેવધર, વિનાયકરાવ પટવર્ધન, નારાયણરાવ વ્યાસ વગેરેએ પણ શાસ્ત્રીય સંગીતના પ્રચારમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. એમના પુત્ર ડી. વી. પલુસકર ઉત્તમ કોટીના ગાયક હતા પણ જુવાનીમાં જ દેવલોક પામ્યા હતા.

નારાયણ મોરેશ્વર ખરે ગાંધીજીના નિકટવર્તી હતા. અને સાબરમતી આશ્રમમાં જ રહેતા. આશ્રમના ઉચ્ચ વાતાવરણમાં એમણે ભક્તિનો રંગ ઉમેર્યો હતો. તેઓ સુંદર રીતે ભજનો ગાતા અને એમણે આશ્રમ ભજનાવલિનું સંપાદન કર્યું હતું.

ઓમકારનાથ ગુજરાતના એકમાત્ર એવા સંગીતકાર હતા જેમણે ભારતભરમાં નામના મેળવી હતી. એમણે વિદેશયાત્રા પણ કરી હતી. એમનું વ્યક્તિત્વ બહુ જ પ્રભાવશાળી હતું. એમનો અવાજ અત્યંત સુરીલો તથા બુલંદ હતો. એમનું સંગીત ભાવવાહી હતું અને ખાસ કરીને જ્યારે તેઓ મીરાંબાઈ કે સૂરદાસનાં ભજનો ગાતા ત્યારે ભક્તિરસનું અનેરું વાતાવરણ ઊભું કરતાં. એમણે પોતાની એક આગવી શૈલીનું નિર્માણ કર્યું હતું. તેઓ સંસ્કૃત તથા હિંદી ભાષાના પંડિત હતા. સંગીત વિષયક પ્રાચીન ગ્રંથોનો એમણે સૂક્ષ્મ અભ્યાસ કર્યો હતો અને સંગીતશાસ્ત્ર વિશે કેટલાંક પુસ્તકો પણ રચ્યાં હતાં. 'પ્રણવરંગ'ના ઉપનામથી એમણે ઘણી ઉત્કૃષ્ટ બંદિશોની રચના કરી હતી અને તેને સ્વરબદ્ધ કરીને પુસ્તક રૂપે પ્રકાશિત કર્યું હતું. એમને 'સંગીતમાર્તંડ' તથા 'સંગીતમહોદય'ની પદવીઓ મળી હતી. એમના શિષ્ય બલવંત ભટ્ટ પણ ઉત્તમ બંદિશકાર હતા. એમનું ઉપનામ 'ભાવરંગ' હતું.

ગ્વાલિયર ઘરાણાંના અન્ય શ્રેષ્ઠ કલાકારો શંકર પંડિત કૃષ્ણરાવ એકનાથ પંડિત તથા રાજાભૈયા પૂછવાલે હતા.

તે સમયે આ ઘરાણાંના શ્રેષ્ઠ કલાકારો શરદચંદ્ર આરોલકર તથા કૃષ્ણરાવના પુત્ર લક્ષ્મણ પંડિત હતા.

ગ્વાલિયર ઘરાણાંના ગાયકો શરૂમાં મધ્ય લયનો તથા ત્યાર બાદ દ્રુત લયનો ખ્યાલ ગાય છે. એમની ગાયિકીમાં સ્વર

તથા લયને એકસરખું મહત્ત્વ અપાય છે. એમનાં ગીતોની બંદિશ તથા તાનોની ફિરત ખૂબસૂરત હોય છે. ગાયકો મોટે ભાગે સાદા જ રાગો જેવા કે દરબારી, માલકૌંસ, યમન, પૂર્વી, મુલતાની, ભીમપલાસ વગેરે ગાઈ છે. એમની ઘણી બંદિશો તીલવાડા, આડા ચૈતાલ, ઝુમરા વગેરે વિકટ તાલોમાં બદ્ધ થયેલી હોય છે. તરાણા તથા ટપ્પાની શૈલીની બંદિશોમાં ગ્વાલિયર ઘરાણું બહુ જ સમૃદ્ધ છે. તરાણાની વિવિધ બંદિશો વિલંબિત, મધ્ય, દ્રુત તથા અતિદ્રુત એવી ચારેય લયમાં બદ્ધ થયેલી હોય છે. ટપ્પાની શૈલીનાં ગીતો પણ આ ઘરાણાંના ગાયકો સુંદર રીતે ગાઈ છે. તે ઉપરાંત ચતુરંગ તથા તિરવટની બંદિશોના પણ તેઓ જાણકાર છે.

### જયપુર ઘરાણું

જયપુર ઘરાણાંના સ્થાપક અલાદિયાખાં હતા. એમના ખાનદાનમાં ચારસો વર્ષથી અનેક ઉચ્ચ કોટીના સંગીતકારો થઈ ગયા હતા. એમનું મૂળ વતન ઉત્તર પ્રદેશના અલીગઢ જિલ્લામાં આવેલું અત્રોલી ગામ હતું, પણ કેટલીક પેઢીથી એમના પૂર્વજો જયપુર રાજ્યમાં આવેલી ઉણિયારા નામની એક જાગીરમાં વસ્યા હતા. તે પરથી એમણે પર્વતાવેલી ગાયિકી જયપુર ઘરાણાંને નામે ઓળખાઈ. અન્ય સંતાનો અલ્પજીવી નીવડવાથી માતા-પિતાએ એમનું નામ અલાદિયા (દેવનો દીધેલ) એવું નામ પાડ્યું હતું. એમના પિતા અહમદખાં સુપ્રસિદ્ધ સંગીતજ્ઞ હતા અને ડાગુરી બાનીમાં ધ્રુપદ શૈલીનું સંગીત ગાતા.

અલાદિયાખાંના પૂર્વજ વિશ્વંભર મહાન સંગીતકાર સ્વામી હરિદાસના કુટુંબના હતા. તેઓ ગૌડ બ્રાહ્મણ હતા એમનું ગોત્ર શાંડિલ્ય હતું. અલાદિયાખાં આ બાબત માટે બહુ જ ગૌરવ ધરાવતા. કાળે કરીને એમના કુટુંબે મુસ્લિમ ધર્મ અંગીકાર કરેલો.

અલાદિયાખાંએ સંગીતનું પ્રાથમિક જ્ઞાન એમના પિતા ખ્વાજા અહમદખાં તથા કાકા જહાંગીરખાં પાસેથી મેળવ્યું. ત્યાર બાદ કવાલ બચ્ચે ઘરાણાંના પ્રખર સંગીતકાર મુબારકઅલીખાંનું સંગીત એમણે જયપુરમાં વારંવાર સાંભળ્યું. મુબારકઅલીખાંની પેચદાર તથા અટપટી તાનોનું એમણે બારીકાઈથી શ્રવણ તથા અન્વેષણ કર્યું અને તેમાંની કેટલીક ખૂબીઓ એમણે પોતાનાં સંગીતમાં સમાવી લીધી. વધુમાં પોતાની ધ્રુપદ ગાયિકીને તિલાંજલિ આપીને ખ્યાલ ગાયિકી અપનાવી લીધી. મુંબઈની સંગીતરસિક જનતાએ એમનું બહુમાન કર્યું હતું અને એમણે 'સંગીતસમ્રાટ'ની પદવી બક્ષી હતી. તે સમારંભના પ્રમુખ સુવિખ્યાત ધારાશાસ્ત્રી અને રાષ્ટ્રીય નેતા શ્રી એમ. આર. જયકરે એમને 'માઉન્ટ એવરેસ્ટ ઑફ મ્યુઝિક' એવું બિરુદ પોતાનાં તરફથી આપ્યું હતું.

અલાદિયાખાંના સંગીતમાં રાગના વિસ્તાર કરતાં તાનોની અપૂર્વ ફિરતનું જ મહત્ત્વ વિશેષ હતું. એમની તાનો લયની સાથે ઓતપ્રોત થઈ જતી અને વીજળીની ઝડપે 'સમ' પર આવતી ત્યારે વજ્ર-પ્રહાર થયો હોય એવું શ્રોતાઓને ભાસતું. એમને પાંચ હજાર બંદિશો યાદ હતી એમ કહેવાતું. લગભગ નેવું વર્ષની ઉંમર સુધી એમણે સંગીતના કાર્યક્રમો આપ્યા હતા. ૧૯૪૬માં એમનું ૯૮ વર્ષની વયે અવસાન થયું.

મહાન સંગીતકાર હોવા ઉપરાંત અલાદિયાખાં અતિ નમ્ર સ્વભાવના અને નિરાભિમાની હતા. એક વખત એમનો તથા ગ્વાલિયર ઘરાણાંના અદ્વિતીય ગાયક રહેમતખાંનો કાર્યક્રમ યોજાયો હતો. સંગીત સમારંભોમાં જે કલાકાર શ્રેષ્ઠ હોય તેના સંગીતથી સમારંભની પૂર્ણાહુતિ થાય એવો રિવાજ છે. આ બેઉ કલાકારોને એકબીજા માટે અનહદ માન હતું એથી તે બેઉ પહેલાં ગાવા તત્પર થયા. છેવટે સિક્કો ઉછાળવામાં આવ્યો અને રહેમતખાંનો પહેલાં ગાવા માટે વારો આવ્યો. એમણે પૂરિયા રાગ અલૌકિક રીતે ગાયો

અને અત્યંત કરુણ વાતાવરણ ઊભું કર્યું જેથી અલાદિયાખાં તથા શ્રોતાઓની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તે પછી જ્યારે અલાદિયાખાંને ગાવા કહેવામાં આવ્યું ત્યારે તેઓ બોલ્યા: 'રહેમતખાંએ હમણાં જ સંગીતનું એવું છત્ર ઊભું કરી દીધું છે કે તેની નીચે ઊભા રહેવા માટે પણ મારી લાયકાત નથી.' આમ કહીને ગાવા માટે સાફ ઇનકાર કર્યો. મુબારકઅલીખાંના સંગીત વિશે જ્યારે કોઈ એમને પ્રશ્ન કરતું ત્યારે તેઓ કહેતા: 'જો મુબારકઅલીખાંના સંગીતની કિંમત સોળ આના જેટલી આંકવામાં આવે, તો તેની સરખામણીમાં મારું પોતાનું સંગીત એક પાઈની તોલે પણ ન આવી શકે.'

અલાદિયાખાંના ભાઈ હૈદરખાં તથા હૈદરખાંની શિષ્યાઓ લક્ષ્મીબાઈ જાધવ અને મોઘુબાઈ કુરડીકર પણ ઉચ્ચ કોટીના કલાકારો હતા. મોઘુબાઈને શરૂઆતમાં આગ્રા ઘરાણાંના વિલાયત હુસેનખાં પાસેથી તથા અંતે અલાદિયાખાં પાસેથી પણ તાલીમ મેળવી હતી. એમની પુત્રી કિશોરી આમોનકર તે સમયની ગાયિકાઓમાં સૌથી વધુ તેજસ્વી તથા લોકપ્રિય હતા.

અલાદિયાખાંના શિષ્યા કેસરબાઈ કેરકર પ્રતિભાસંપન્ન ગાયિકા હતાં. કલાકો સુધી એકની એક જ તાન પર અવિરત રિયાઝ કરીને એમણે અવાજમાં રોશની પેદા કરી હતી. દિવસના ત્રણથી ચાર કલાક તેઓ ફક્ત સ્વરસાધનમાં જ ગાળતાં. લાંબી, વિકટ તથા અટપટી તાનો લઈને ખૂબસૂરતી સાથે તેઓ સમ પર આવતાં. એમની શિષ્યા ધોંડુતાઈ કુલકર્ણી પણ કુશળ ગાયિકા હતા.

અલાદિયાખાંના અન્ય શિષ્યોમાં અઝમત હુસેનખાં, ગુલુભાઈ જસદણવાળા તથા લીલુ શિરગાંવકર ઉલ્લેખનીય છે. અલબત્ત હુસેનખાં એમના કુટુંબી હતા. શરૂમાં એમણે ખુર્જા ઘરાણાંના સમર્થ ગાયક અલ્તાફ હુસેનખાં પાસેથી તાલીમ મેળવી હતી. આગ્રા ઘરાણાંના વિલાયત હુસેનખાં તથા ફૈયાઝખાં પણ એમના સંબંધી હતા અને તેમના સંગીતના કેટલાંક તત્વો પણ એમણે ગ્રહણ કર્યા હતાં. આ રીતે પોતાની ગાયિકીમાં ખુર્જા, આગ્રા તથા જયપુર ઘરાણાંની ગાયિકીનો સુમેળ સાધ્યો હતો. 'દિલરંગ'ના ઉપનામથી એમણે કેટલીક સુંદર બંદિશો રચી છે.

અલાદિયાખાંના પુત્ર મંજીખાં પણ મહાન સંગીતકાર હતા પણ જુવાનીમાં જ એમનો દેહાંત થયો. તેઓ નંદ રાગ એટલી શાનદાર રીતે ગાતા કે એમની હાજરીમાં તે રાગ ગાવાની કોઈ હિંમત કરતું નહીં. અલાદિયાખાંના બીજા પુત્ર ભૂરજીખાંના શિષ્યોમાં મલ્લિકાર્જુન મનસુર અગ્રગણ્ય છે. એમના જેવી લયકારી જૂજ સંગીતકારો કરી શકતા. ભારતના હાલના સમયના સર્વશ્રેષ્ઠ સંગીતકારોમાં એમની ગણના થાય છે.

મોઘુબાઈનાં શિષ્યા કમલ તાંબે પણ વર્તમાન સંગીતકારોમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે અને પુષ્કળ શિષ્યાઓને તેઓ વિદ્યાદાન કર્યું હતું.

જયપુર ઘરાણાંમાં સ્વર તથા તાલને સરખું જ મહત્ત્વ અપાય છે. બંદિશો ઘણુંખરું મધ્ય લયની જ હોય છે; ધૃત લયની બંદિશો જવલ્લે જ ગવાય છે. રાગના સર્વાંગી વિસ્તારને બદલે તાનોને મહત્ત્વ અપાય છે. તાનોની ફિરત સુંદર તથા અટપટી હોય છે. આ ઘરાણાંના ખાસ રાગો- કાનડા વગેરે છે. આ ઘરાણું જયપુર-અતરોલી ઘરાણાંને નામે પણ ઓળખાય છે.

**(સાભાર: 'સંગીતના ઘરાણાં અને સંગીતના સાધકો',**
**લેખક: બટુક દીવાનજી,**
**પ્રકાશક: નવભારત સાહિત્ય મંદિર)**

# વિશ્વકોશમાં યોજાયેલું 'મહાત્મા અને મીરાંબહેન – એક અનન્ય મૈત્રી' વિશે સોનલ પરીખનું વ્યાખ્યાન



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં બહુશ્રુત વિદ્વાન, ઇતિહાસવિદ અને સાહિત્યસર્જક શ્રી રસિકલાલ છોટાલાલ પરીખની સ્મૃતિમાં ૨૦મી ડિસેમ્બરના રોજ વિશ્વકોશભવન ખાતે વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું. જેમાં સોનલ પરીખ 'મહાત્મા અને મીરાંબહેન–એક અનન્ય મૈત્રી'એ વિશે વક્તવ્ય આપ્યું હતું. જેમાં એમણે મહાત્મા ગાંધી અને તેમનાં વિદેશી શિષ્યા મેડલિન સ્લેડ, જે પાછળથી 'મીરાંબહેન' નામે જાણીતાં થયાં હતાં, એમની વચ્ચેના અજબ અને અનન્ય અનુબંધની રસપ્રદ વાતો કરી હતી.

ઇંગ્લૅન્ડના રહેવાસી અને બ્રિટીશ નૌકાદળના એડમિરલનાં પુત્રી મેડલિન સ્લેડ બાળપણથી ગંભીર અને કશુંક અર્થપૂર્ણ શોધતાં હતાં. એ શોધ તેમને ભારત લઈ આવી. તેઓ મહાત્મા ગાંધીનાં પુત્રી અને શિષ્યા બન્યાં અને એમના રચનાત્મક તેમજ રાજકીય કાર્યોમાં અગત્યનાં સાથી બની રહ્યાં. તેમને 'મીરાં' નામ મહાત્મા ગાંધીએ જ આપ્યું હતું અને તેમણે પોતાના અદભુત સમર્પણ વડે એ નામને સાર્થક પણ કર્યું હતું. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન મીરાંબહેને અનેક વાર જેલવાસ વેઠ્યો હતો.

૧૯૪૨ની 'હિંદ છોડો' લડત પછી મીરાંબહેન મહાત્મા ગાંધી સાથે આગાખાન પેલેસમાં કેદ હતાં. કસ્તૂરબા અને મહાદેવભાઈના મૃત્યુ પછીની મહાત્મા ગાંધીની વેદનાનાં સાક્ષી હતાં. આ કેદની અવધિ પૂરી થયા બાદ મીરાંબહેન હિમાલય ચાલ્યા ગયા હતા અને ત્યાં ગાંધીવિચારો મુજબ ખેતી, પશુપાલન અને ગામડાંને આત્મનિર્ભર કરવા માટે કાર્યરત બન્યાં હતાં.

મહાત્મા ગાંધીના મૃત્યુ બાદ પણ મીરાંબહેન અગિયાર વર્ષ સુધી ભારતમાં રહી સેવાકાર્યો કર્યા હતાં. નવી સરકારનાં હોદ્દા કે સત્તા મેળવવામાં તેમણે રસ લીધો ન હતો. જિંદગીના અંતિમ વર્ષો તેમણે તેમના પ્રિય સંગીતકાર બિથોવનના દેશમાં ગાળ્યાં હતાં. આ તમામ ઓછી જાણીતી અને રસપ્રદ વાતો સોનલ પરીખે પોતાના વક્તવ્યમાં વિગતે ચર્ચી હતી. એમણે હાલમાં 'મહાત્મા અને મીરાં–એક અનન્ય મૈત્રી' નામનું પુસ્તક લખ્યું છે. જે યજ્ઞ પ્રકાશને પ્રગટ કર્યું છે.



વિનોદ જોશી

# પોતાની શોધ પોતાના જ પરિવેશમાં



નભ ખોલીને જોયું, પંખી નથી નથી;
જળ ખોલીને જોયું, મોતી નથી નથી.

સતત છેડીએ તાર
છતાં કંઈ રણકે નહીં.
આ કેવો ચમકાર?
કશુંયે ચમકે નહીં!

ખોલી જોયા સૂર, હલક એ નથી નથી,
ખોલી જોયાં નૂર, નજર એ નથી નથી.

લાંબી લાંબી વાટ,
પહોંચતી ક્યાંય નહીં,
આ પગલાં ક્યાં જાય,
મને સમજાય નહીં!

આ તે કેવા દેશ? દિશા જ્યાં નથી નથી,
આ મારો પરિવેશ! હું જ જ્યાં નથી નથી!

—ચંદ્રકાન્ત શેઠ

બધું જ હોય છતાં જાણે કશું નથી તેવી પ્રતીતિ અનેકવાર થતી હોય છે. હોવું કે ન હોવું સાબિત કરી શકાય તો પણ તેને વિષેની ભ્રમણાનું સત્ય પણ નકારી શકાય તેવું નથી. ઈશ્વરના અસ્તિત્વ વિશે કોઈએ આપેલો ઉત્તર જાણીતો છે કે તમે પૂછો તો ખબર નથી અને ન પૂછો તો ખબર છે. કેટલીક બાબતો એવી હોય છે જે વ્યાખ્યામાં મૂકાય છે તે વખતે જ તેનું સત્ય તેમાંથી નીકળી જાય છે. અહીં આ કાવ્યની પ્રારંભની પંક્તિ જ આવો એક સંકેત કરે છે. નભ કોઈથી અપરિચિત હોઈ શકે નહીં. તેને માટે કેવળ આંખો ખોલવા જેટલો જ પરિશ્રમ કરવો પડે. કવિ અહીં લાક્ષણિક રીતે, નભ ખોલવાની વાત કરી પોતાની શોધનો હવાલો આપે છે અને છેવટે પરિણામરૂપે કહી દે છે કે પંખી નથી, નથી. બબ્બેવારનો આ નકાર પંખીની શોધ વિશે કવિ કેટલા આશાવાદી હશે અને છેવટે એમનાં હાથમાં શું આવ્યું તેનો

બરાબર નિર્દેશ કરે છે. પંખી ન હોય તો નભની કોઈ કિંમત નથી. વાતને વધુ સઘન કરવા કવિ જળનો હવાલો લઈ તેમાં મોતી નથી તેવું વિધાન કરે છે. પંખી વગરનું આકાશ અને મોતી વિનાનું જળ હોય તો પણ જાણે નથી. અર્થાત્ નિરર્થક છે. બીજી રીતે કહીએ તો આકાશ અને જળને નકારી શકાતા નથી પણ પંખી અને મોતીની અનુપસ્થિતિમાં તેમનું હોવું ન હોવા બરાબર છે તેવા નિદાન પર કવિ આસાનીથી આવી જાય છે.

તાર છેડવા છતાં તેમાંથી કશો રણકાર ન જન્મે તો તે વાદ્ય શા કામનું? કવિ કહે છે તેમ સતત પ્રયત્ન કરવા છતાં રણકવું જોઈએ તે રણકે નહીં ત્યારે તે ચમત્કાર જ ગણાય. કશુંય ચમકે નહીં તેવા ચમકાર વિશેનું કવિનું વિસ્મય અપૂર્વ છે. ભ્રાન્તિઓથી ખીચોખીચ એવી પરિસ્થિતિ વચ્ચે કવિની શ્રદ્ધા બળપૂર્વક ઝૂઝે છે, પણ સરવાળે 'નથી-નથી'નો ઉત્તર જ સાંપડે છે તે સ્થિતિ પણ દુર્નિવાર છે, ટાળી શકાય તેવી નથી. બધું છે ખરું પણ તે જેવું હોવું જોઈએ તેવું નથી. કેવળ દેખાવનું જ છે. કવિ વાસ્તવને ઘેરી વળીને ઊભેલી ભ્રાન્તિને અહીં બહુ સૂચક રીતે અભિવ્યક્ત કરે છે.

તાર છેડવા છતાં તેમાંથી કશો રણકાર ન જન્મે તો તે વાદ્ય શા કામનું? કવિ કહે છે તેમ સતત પ્રયત્ન કરવા છતાં રણકવું જોઈએ તે રણકે નહીં ત્યારે તે ચમત્કાર જ ગણાય.

વળી પાછી એ જ વાત બીજા સંદર્ભોમાં પણ ખરી ઠરે છે. સૂર તો છે પણ તેમાં અપેક્ષિત હલક નથી.

તેજભર્યું સૌંદર્ય તો છે પણ નજર બદલાઈ ગઈ છે. વિતથતાનો હિસાબ કવિને ઠેર ઠેરથી મળી રહ્યો છે. વિસંગતિ જાણે એમના પ્રત્યેક પ્રયાસ સાથે જોડાઈ ગઈ છે. ધાર્યું કશું થતું નથી અને જે થાય છે તે અપેક્ષાતીત છે.

જે રસ્તા પર કદમ માંડ્યા હોય તે રસ્તો ક્યાંક પહોંચાડે તેવી અભિલાષા કોઈ પણ યાત્રીએ સેવી હોય. પણ કવિ અહીં રસ્તાની લંબાઈ ગમે તેટલી હોય તો પણ તે કોઈ લક્ષ્ય સુધી નહીં લઈ જતો હોવાનો હવાલો રજૂ કરે છે. રસ્તો પોતે જ ક્યાંય પહોંચતો નથી તો તેના પર ચાલનારને તે કઈ રીતે ક્યાંક પહોંચાડે? ગુલઝારની પંક્તિ અહીં યાદ આવી જાય છે :

**ઈસ ઉમ્રસે લંબી સડકોં કો,**
**મંઝિલ પે પહુંચતે દેખા નહીં.**

આયુષ્ય પૂરું થાય છે પણ માર્ગ પૂરો થતો નથી. પ્રત્યેક યાત્રી માર્ગનો થોડો હિસ્સો પાર કરે છે અને પછી માર્ગને જ આગળ જવા દઈ પોતે અટકી જાય છે. સતત દોડતા રહેતા માર્ગ પણ ક્યાંય પહોંચી શકતા નથી તેનું નિદાન કરતા કવિ એક ઊંડાણભરી તાત્ત્વિક વાત અહીં સહજમાં કહી દે છે. માર્ગ પર કદમ માંડતો પ્રવાસી માર્ગને પસાર કરે છે કે પોતે પસાર થાય છે તે જાણતો હોતો નથી. કવિને પણ એ ખબર નથી કે પગલાં કઈ દિશામાં જઈ રહ્યાં છે. જ્યાં જવું હોય ત્યાં જવાય છે કે પછી માર્ગ જઈ રહ્યો છે તે પ્રમાણે જવાઈ રહ્યું છે તે અકળ છે. અને છતાં ચાલવાની પ્રક્રિયા અટકી નથી તે પણ હકીકત છે. લક્ષ્યહીન આમ ચાલ્યા કરવું તે ઉચિત નથી તેની કવિને પ્રતીતિ છે પણ માર્ગ ચાલે ત્યાં જ ચાલવું તે નિયતિ છે. તેનાથી છૂટી શકાતું નથી. મનહર મોદીનો એક શે'ર છે :

**માર્ગ ચાલવા દે છે,**
**થાક પણ લગાડે છે.**

એવું આશ્વાસન લઈ શકાય કે ચાલવા દેવાનું ઔદાર્ય દાખવનાર થાક લગાડવા માટે પણ હકદાર હોઈ શકે. પણ અહીં તો કવિને દિશાભ્રમ પણ થઈ ગયો છે. તેઓ સ્પષ્ટપણે

પૂછી રહ્યાં છે કે આ એવું તે કેવું સ્થળ જેને દિશા જ નથી? દિશાઓથી સ્થળ તરફ જવું કે સ્થળ પર રહી દિશાઓને તાકવી તે પ્રશ્ન પણ અહીં મૂંઝવનારો બની રહ્યો છે. જયેન્દ્ર શેખડીવાળાએ લખ્યું છે :

**સૂર્યને ઊગવા માટે**
**દિશા જોઈએ જ તેવું નહીં.**
**સૂર્ય ઊગે તે પૂર્વ.**

સૂર્ય પૂર્વમાં નથી ઊગતો પણ સૂર્ય ઊગે તે દિશા પૂર્વ દિશા કહેવાય છે. તે સામા છેડાનું સત્ય વિચારતાં તરત સમજાશે કે કવિની શોધ જેને વિશેની છે તેની ગેરહાજરી છે ને છતાં તેની હાજરી હોવાની સહુને પ્રતીતિ થાય છે. આ આખોયે પ્રશ્ન છેવટે કવિ પોતાને જ પૂછી રહ્યા હોય તેમ, પોતે જેમાં નથી તેવી પોતાની હયાતી જ તેમને ભ્રામક લાગે છે. જે પોતાનું છે પણ પોતે તેમાં ક્યાંય નથી તેવી સ્થિતિ પસંદગીની સ્થિતિ નથી પણ અનિવાર્યપણે વેઠતા રહેવી પડે તેવી સ્થિતિ છે. સ્વીકારી પણ ન શકાય અને ઈન્કારી પણ ન શકાય તેવી આ વૈચિત્ર્યથી ભરીભરી વાસ્તવિકતા છે કે ભ્રમણ તેને વિશેનો કોઈ અંતિમ ઉદ્ગાર કોઈથી થઈ શકે તેમ નથી.

અત્યંત સાદી ભાષામાં પણ તત્ત્વચિંતનનું ઊંડાણ કઈ રીતે નીપજાવી શકાય તેનું આ કાવ્ય ઉત્તમ ઉદાહરણ છે. એકવાર નહીં, વારંવારના તેનાં વાચને તેમાં રહેલું ઊંડાણ વધુને વધુ સ્પષ્ટ થતું દેખાશે. કવિતા છેવટે તો આત્મખોજ હોય છે. અહીં કવિ પોતાની શોધ પોતાના જ પરિવેશમાં કરી રહ્યાની વિડંબના ઊંચી કાવ્યાત્મકતા થકી વ્યક્ત થઈ જણાશે.



# વિશ્વકોશમાં રજૂ થશે ત્રણ શોર્ટ ફિલ્મો રજૂ કરાઈ



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત ૨૦૦૬થી નિયમિત રીતે સાહિત્ય, શિક્ષણ, રાજકારણ, વિજ્ઞાન, કલા જેવા વિવિધ વિષયો પર વ્યાખ્યાનો યોજાય છે. આ કાર્યક્રમ ૨૬ ડિસેમ્બરના રોજ વિશ્વકોશભવનમાં યોજાયો હતો. અભિજીત વ્યાસે ત્રણ શોર્ટ ફિલ્મો વિશે વાત કરી અને ત્યારપછી તે ફિલ્મોનું નિદર્શન કરવામાં આવ્યું. દરેક ફિલ્મ ૩૦ મિનિટની સમયમર્યાદામાં પૂરી થઈ. પ્રથમ ફિલ્મ **'યે વો શહર તો નહીં'** જેનું દિગ્દર્શન વજહ સુધાકર રાઉએ એક શહેરમાં કોમી તોફાનો પછી પોતાના સ્નેહીઓને શોધવા નીકળતા બે વ્યક્તિની વાત બહુ હૃદયસ્પર્શી રીતે કહેવાઈ છે. અત્યારના સાંપ્રત સમયમાં અત્યંત વિચારણીય વિષય ફિલ્મમાં રજૂ થયો છે. અહીં મુખ્યત્વે માનવીય સંવેદનાની વાત થઈ છે. બીજી ફિલ્મ **'ધ એઈટ કોલમ અફેર'** જેનું દિગ્દર્શન શ્રીરામ રાઘવને કર્યું છે. આ ફિલ્મમાં અખબારના પ્રથમ પૃષ્ઠ પર પ્રગટ થયેલ ફોટોગ્રાફ જ્યારે છેલ્લા પાના પર પ્રગટ થયેલ ફોટોગ્રાફને મળવાનો પ્રયત્ન કરે ત્યારે શું થાય આ વાત ફિલ્મમાં રજૂ થઈ છે. જ્યારે ત્રીજી ફિલ્મ **'સ્ક્રિન'** જેનું દિગ્દર્શન ઉર્વિન વ્યાસે કર્યું છે. આ ફિલ્મમાં અમદાવાદમાં મલ્ટીપ્લેક્સ સિનેમાના આવતા સિંગલ સીને થિયેટરોની જે હાલત થઈ છે તેની વાત કરવામાં આવી છે.



નંદિની ત્રિવેદી

# મારો અવાજ જ મારી ઓળખાણ: હંસા દવે



'મારો વ્હાલો વગાડે વાંસળી', 'પાપનું બેડલું બૂડે રે બૂડે', 'અમે એવાં છઈએ', 'વાતે વાતે તને વાંકું પડ્યું', 'રંગલો' વગેરે ગીતોને પોતાને કંઠે વહેતા કરી લોકપ્રિય કરનારા ગાયિકા હંસાબહેન દવેનો તારીખ ૧૮મી જાન્યુઆરીએ જન્મદિન છે. ફક્ત ચાર વર્ષની વયે શરૂ થયેલી તેમની સંગીતસાધના આજીવન જારી રહી છે. ગુજરાતી ફિલ્મો, હિંદી ફિલ્મો ઉપરાંત ઘણાં સુગમસંગીતના આલબમ્સમાં પણ તેમના કંઠનો જાદુ રેલાયો છે. તો આવી એક વિશિષ્ટ પ્રતિભાના જન્મદિન નિમિત્તે તેમની સાથે અગાઉ નંદિની ત્રિવેદીએ કરેલો વાર્તાલાપ અહીં સ્વરસેતુના વાચકો માટે...

હંસા દવે એટલે સૌમ્ય વ્યક્તિત્વ અને સુમધુર અવાજ. હંસાબેન નાનાં હતાં ત્યારે ઘરમાં સંગીતનું કંઈ જ વાતાવરણ નહીં, રેડિયો સુધ્ધાં નહીં. સૌ પ્રથમ સ્વરો પ્રાર્થના સ્વરૂપે ચાર-પાંચ વર્ષની વયે વહ્યા. ધીમેધીમે અમદાવાદની સ્થાનિક સ્પર્ધાઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું અને ઇનામો મેળવતાં ગયાં. કૉલેજકાળ દરમિયાન કૉલેજની સ્પર્ધાઓ અને સુગમસંગીતના કાર્યક્રમોમાં ગાવાની શરૂઆત કરી. આ સ્વરલહરી એમને લઈ ગઈ 'શ્રુતિવૃંદ' સંસ્થાના આંગણે. તેમાં સમૂહગીત ગાવાની શરૂઆત કરી. જીવનના ૨૨મા વર્ષે મુંબઈના સ્ટેજ પર ગાવાનો આરંભ કર્યો અને ગુજરાત રાજ્યના સતત બે વર્ષ ઍવોર્ડ પણ મળ્યા. પુરુષોત્તમભાઈ સાથે કેવી રીતે પરિચય થયો એ પ્રશ્નના ઉત્તરમાં હંસાબહેન કહે છે, 'મારી એક ખાસ મિત્ર હતી રાગિણી વોરા. એના પિતા સુરુભાઈ વોરાને ત્યાં અવારનવાર સંગીતની બેઠકો યોજાય. એ મને ખૂબ પ્રોત્સાહન આપે. એકવાર એમને ત્યાં પુરુષોત્તમ ઉપાધ્યાયનો પ્રોગ્રામ હતો. દોઢ વાગે એમનો કાર્યક્રમ પૂરો થયો પછી સુરુભાઈએ મને એક ગીત સંભળાવવા કહ્યું. એ

વખતે લતા મંગેશકરના બે ત્રણ ગુજરાતી ગીતો રેડિયો પર ખૂબ આવતાં. એમાંનું એક ગીત, હૈયાને દરબાર...મને આવડતું હતું એ મેં ગભરાયા વગર બરાબર ગાઈ નાખ્યું. મને ખબર નહોતી કે એ ગીત પુરુષોત્તમભાઈએ સ્વરબદ્ધ કર્યું છે! સૂર કે તાલની કોઈ ભૂલો વગર મેં ગાયું એટલે ત્યારથી પુરુષોત્તમભાઈ બહુ ખુશ થઈ ગયા. ત્યારથી પુરુષોત્તમભાઈ સાથે બંધાયેલો સૂરસંબંધ આજ સુધી છે. એ વખતે મને કલ્પનાય નહોતી કે હું વ્યાવસાયિક રીતે એમની સહગાયિકા બનીશ!' હંસાબહેન જૂની સ્મૃતિઓને તાજી કરે છે.

હંસા દવેનાં આદર્શ લતા મંગેશકર. એમને હંમેશા થતું કે આટલું પરફેક્ટ કોઈ કેવી રીતે ગાઈ શકે! શાસ્ત્રીય સંગીતમાં ઉ. અમીરખાં સાહેબની ગાયકીથી એ પ્રભાવિત હતાં. એમના જેવું વિલંબિત આલાપ કરનાર બીજું કોઈ નથી એમ હંસાબહેન માને. હંસાબહેને સૌથી પહેલો શાસ્ત્રીય સંગીતનો જાહેર કાર્યક્રમ લક્ષ્મીશંકરનો સાંભળ્યો હતો, જે એમની જિંદગીનો યાદગાર અનુભવ બની રહ્યો હતો. આમ સંગીત પ્રત્યેની રુચિ નાનપણથી જ કેળવાઈ હતી. 'પહેલીવાર મારું ગીત રેડિયો પર આવ્યું ત્યારે અમે બાજુવાળાને ઘરે સાંભળવા ગયા હતા કારણ કે ઘરમાં તો રેડિયો હતો જ નહીં. પરંતુ, ત્યારપછી પપ્પાને થયું કે દીકરી સંગીતની શોખીન છે અને સરસ ગાય છે તો રેડિયો તો વસાવવો જોઈએ. ત્યારપછી રેડિયો ઘરમાં આવ્યો અને મારા માટે ચોવીસ કલાકનો સાથી બની ગયો.' હંસા દવે કહે છે.

હંસા દવેને શાસ્ત્રીય સંગીતમાં ખેડાણ કરવાની તીવ્ર ઇચ્છા હતી. પરંતુ એમાં સખત રિયાઝની જરૂર પડે એ શક્ય નહોતું અને પુરુષોત્તમભાઈ સાથે સુગમસંગીતમાં ખૂબ સરસ કામ થઈ રહ્યું હતું એટલે એમણે સુગમસંગીતને જ વ્યવસાય તરીકે અપનાવ્યું. ધોધમાર વરસી ગયેલા વરસાદની એક મેઘલી રાતે હંસાબહેન એમની જીવનકિતાબના એક એક પાનાં ખોલે છે જેમાંથી ટપકે છે માત્ર સૂર, સંગીત અને સહૃદયતા.

**કલાકાર જન્મે કે એને કલાકાર બનાવી શકાય? કલાકારનું કયું તત્ત્વ એને લોકપ્રિય બનાવે? અથવા લોકપ્રિય કલાકાર બનવા માટે શું જરૂરી છે?**

હું માનું છું કે કલાકાર જન્મે છે અથવા તો કળા જન્મજાત હોય છે. એનામાં આ ત્રણ બાબતો હોય તો એ લોકપ્રિય બને. એક, ગ્રહો. એના સ્ટાર્સ સારા હોય અથવા ઈશ્વરની વ્યવસ્થા જેને આપણે ગ્રહો કહીએ છે એ સબળ હોય તો એ લોકપ્રિય બની શકે. બે, સ્વયંસર્જનશક્તિ અથવા ઓરિજિનાલિટી. કલાકારની પોતાની આગવી ઓળખ હોવી જરૂરી છે અને ઈમ્પ્રોવાઈઝેશન. એટલે કે એક જ પંક્તિને જુદા જુદા ભાવથી, જુદી જુદી રીતે રજૂ કરવાની આવડત. કલાકારમાં આ ત્રણ ગુણો હોય તો એ પ્રસિદ્ધ બને.

એક આડવાત કહું તો, એવું માનવામાં આવે છે કે માણસ ગત જન્મના સંસ્કારો લઈને જન્મે છે. એ રીતે કોઈપણ કળા જન્મોજન્મથી ચાલી આવે છે. સાંભળ્યું છે કે સંગીતની દુનિયાની મહાન હસ્તી ઉ. બડે ગુલામ અલીખાંસાહેબ જીવલેણ બીમારીથી પીડાતા હતા. છેલ્લા દિવસોમાં એ હૉસ્પિટલમાં હતા. ડૉક્ટરએ એમને ગાવાની સદંતર ના પાડી હતી પણ કળાના જીવને સૂર વગર ચાલે? એમણે હાર્પ (સૂરમંડલ) મંગાવ્યું અને છાતી પર રાખીને એને છેડ્યા કરે. ડૉક્ટરોએ ના પાડી તો કહે, ગયા જન્મનું લઈને આવ્યો હતો તે ભાથું આ જન્મે ચાલ્યું અને આવતા જન્મે આ જ સૂરો મારી સાથે આવશે અને તો જ હવે પછીના જન્મમાં મને કંઈક વધારે મળશે. ટૂંકમાં કહું તો, કળાકાર જન્મે છે. ખાસ કરીને સંગીતમાં ઓરિજિનાલિટીની વાત કરું તો લતાજીનાં ગીતો એમની જેમ જ, એવા જ અવાજમાં ગાનાર ઘણા મળશે પણ લતા મંગેશકર કેટલાં બન્યાં?

**તમારાં આદર્શ લતાજી છે તો એમની જેમ હિન્દી ફિલ્મમાં ગાવાની ઈચ્છા ન થઈ?**

ખૂબ ઇચ્છા હતી, પરંતુ ફિલ્મોમાં ગાવા માટે ઘણો સંઘર્ષ કરવો પડે છે. પુરુષોત્તમભાઈને કલ્યાણજીભાઈ સાથે ખૂબ સારો સંબંધ. કલ્યાણજીભાઈએ એમની ફિલ્મ 'ગીત' માટે મને ગાવાની તક આપી હતી. ફેમસ સ્ટુડિયોમાં રેકોર્ડિંગ હતું. હિન્દી ફિલ્મમાં ગાવાનો પહેલો અનુભવ હતો. ગીત હતું, તેરે નૈના કયું ભર આયે...! ૨૮ રીટેક પછી ઓકે થયું. છેવટે ગવાયું સરસ પણ એ ફિલ્મના અભિનેતા રાજેન્દ્રકુમારને બધાં ગીતો લતાજી પાસે જ ગવડાવવાં હોવાથી મારું ગીત રદ કરવામાં આવ્યું. પરંતુ, એ વખતે મારે માટે સૌથી વધારે આનંદદાયક ઘટના એ હતી કે રેકોર્ડિંગ દરમ્યાન લતાજીને મળવાનું અનેકવાર બન્યું.

**તમારા અવાજ કે ગાયકી વિશે કંઈક કહેશો?**

મારા અવાજની આગવી ઓળખ મેં પ્રસ્થાપિત કરી છે. હું કોઈને કોપી કરવાની કોશિશ નથી કરતી. પરંતુ, હું એ કબૂલ કરું છું કે મારા ગાવામાં ઈમ્પ્રોવાઈઝેશન નથી. ત્યાં હું થોડો માર ખાઈ જાઉં છું. શાસ્ત્રીય સંગીત મને એટલે ગમે છે કે એમાં વેરિએશન્સ છે. વેરિએશન એ જ ઈમ્પ્રોવાઈઝેશન. પુરુષોત્તમભાઈને આટલા વર્ષો પછી પણ સાંભળવા કેમ ગમે છે કારણકે એ એક જ પંક્તિને જુદા જુદા એંગલથી રજૂ કરી શકે છે. એકનું એક ગીત નવી રીતે ગાય છે. મારી શરમાળ પ્રકૃતિને કારણે બહુ હાવ-ભાવ સાથે હું ગાઈ શકતી નથી, પરંતુ મારો અવાજ કોઈ સાથે સરખાવી શકાય નહીં. એક હિન્દી ગીતની પંક્તિ મને બહુ ગમે છે, નામ ગુમ જાએગા, ચહેરા એ બદલ જાયેગા, મેરી આવાઝ હી પહેચાન હૈ, ગર યાદ રહે...! મારો અવાજ મારી ઓળખ બની રહે એટલું જ ઇચ્છું છું.

**તમે સંગીતની તાલીમ કોની પાસે લીધી છે?**

તાજ અહમદખાંસાહેબ, પ્રતાપનારાયણજી અને વિમળાબહેન ગવનકર પાસે. આ ત્રણે ગુરુ પાસેથી મને ઘણું શીખવા મળ્યું છે. ગુરુ જે પ્રેમ આપે, નિર્ભયતા આપે, એકડામીંડાનો તફાવત અને મૂલ્ય સમજાવે તે સાચા ગુરુ. શ્રી દિલીપ ધોળકિયા, કલ્યાણજી-આણંદજીભાઈ, પુરુષોત્તમભાઈ અને લક્ષ્મીશંકરજીની પ્રેરણા મારા જીવનમાં કેન્દ્રસ્થાને રહી છે.

**કોઈ યાદગાર પ્રસંગ?**

એકવાર હું અમેરિકામાં હતી. મને મારા પિતાજી ગુજરી ગયાના સમાચાર મળ્યા. એ જ દિવસે ત્યાં કાર્યક્રમ હતો જેમાં મને જ ગીત ગાવાની ફરમાઈશ આવી એ હતું, **'ઓ મા મને તારો ખોળો સાંભરે, ને સાંભરે બાપુનાં હેત...!'** એ વખતે મારા પર શું વીતી હશે? છતાં કઠણ કાળજું કરીને મેં ગાયું. શ્રોતાઓનો અનાદર કેમ કરાય? આ પ્રસંગ હું ક્યારેય ભૂલી શકતી નથી.

**કોઈ પણ ગીત લોકપ્રિય બનાવવામાં મહત્ત્વનો ફાળો કોનો? ગાયક, સંગીતકાર કે કવિનો?**

એક ઉદાહરણ આપીને કહું તો, શંકર ભગવાનને માથે બિલિપત્ર ચડે છે. એ એમના માથે ચડાવાતું હોવાથી આપણે એની અર્ચના કરીએ છીએ. ગીત એ બિલિપત્ર છે. ગાયક, સંગીતકાર અને કવિ એ આ બિલિપત્રનાં ત્રણ પાન છે. જેના શિરે ચડાવાય છે એ શંકર ભગવાન અમારા શ્રોતાઓ. શબ્દરૂપી બીજ રોપે છે કવિ એટલે એ બને છે બાપ. સંગીતરૂપી દેહ આપીને શણગારે છે સંગીતકાર એટલે એ કહેવાય મા. આ પૂર્ણ રચનાને પોતાના અવાજ-ભાવો દ્વારા લોકો સુધી પહોંચાડે છે ગાયક એટલે ગાયક બને પાલક મા-બાપ. સૌથી મહત્ત્વનો ફાળો છે મીડિયાનો. સારા સંગીતને લોકો સુધી પહોંચાડવા માધ્યમોનો સહયોગ અતિ આવશ્યક

છે. સ્વરાંકન પણ સરળ હોય તો એ ગીત ઝડપથી લોકપ્રિય બની શકે છે. અવિનાશ વ્યાસ એ રીતે ઉત્તમ સંગીતકાર કહેવાય, જેમનાં ગીતો લોકજીભે રમતાં થયાં હતાં.

**જાણીતા બિનગુજરાતી કલાકારો પાસે ગુજરાતી સુગમસંગીત ગવડાવીને સુગમ સંગીતનો પ્રચાર-પ્રસાર કરી શકાય?**

ગુજરાતી કલાકારોનો રિયાઝ ઓછો હોય છે. સુરીલા બિનગુજરાતી કલાકારોને સાથે રાખીને જરૂર ગુજરાતી સુગમસંગીતનો પ્રસાર કરી શકાય. અલબત્ત, ગુજરાતી કલાકારોને પ્રોત્સાહન તો આપવું જ જોઈએ.

**સુગમસંગીત એ ડ્રોઈંગરૂમ સંગીત કહેવાય છે. એને આ ઈમેજમાંથી બહાર લાવી શકાય? લાવવું જોઈએ?**

લાવવું જ જોઈએ. અમેરિકાના ગુજરાતીઓ આ બાબતે સજાગ છે. મેં એવાં કેટલાંય કુટુંબો જોયાં છે જે દર શનિ-રવિમાં વીક-એન્ડ મનાવવા કારમાં ફરવા જાય ત્યારે એમનો નિયમ હોય કે જતી વખતે બાળકોને ગમે એવું સંગીત વગાડવાનું અને આવતી વખતે ગુજરાતી ગીતો અથવા શાસ્ત્રીય કે મા-બાપની પસંદનું સંગીત વગાડવાનું જેથી એમના કાન સારું સંગીત-આપણું સંગીત સાંભળવા માટે કેળવાય. આપણે ત્યાં આવી સજાગતા વધશે અને યુવા પેઢી પણ આપણું સંગીત જાણતી અને માણતી થશે તો એ ડ્રોઈંગરૂમ પૂરતું મર્યાદિત નહીં રહે.

**તમને લાગે છે કે તમે જે ઈચ્છયું એ બધું તમને મળી ગયું છે? હજુ કોઈ મહત્ત્વાકાંક્ષા?**

ઇચ્છેલું બધું તો કોને મળ્યું છે? હજુ સંગીતમાં મારે ઘણું કરવું છે. સારા અવાજને કેળવવો છે. ક્યાંક જગ્યા મળે તો સંગીતના વર્ગો શરૂ કરવાની ઇચ્છા છે. શાસ્ત્રીય સંગીતમાં હજુ ઊંડા ઉતરવું છે અને પુરુષોત્તમભાઈનાં ગીતો સ્વરલિપિ સાથે પ્રસિદ્ધ કરવા છે જેથી ભાવિ પેઢીને ગાવાં હોય તો કામ લાગે.

**તમે ગાયક કલાકાર ન હોત તો શું હોત?**

મેં સાઈકોલોજી સાથે એમ.એ. કર્યું છે. મારી ઇચ્છા સાઈકિઆટ્રિસ્ટ બનવાની હતી. પણ ભણતી વખતે જ મને સંગીતમાં બ્રેક મળ્યો અને દિશા બદલાઈ ગઈ. હું નસીબદાર છું કે મને યોગ્ય વ્યક્તિઓનો સાથ મળ્યો, બાકી કેટલાયની કળા વેડફાઈ જતી હોય છે. પુરુષોત્તમભાઈ-ચેલનાબેન સૌના સહયોગથી હું આ સ્થાને પહોંચી શકી છું.

**બેસ્ટ ઓફ હંસા દવે**

(૧) પાન લીલું જોયું

(૨) રાધાનું નામ તમે

(૩) પગલું પગલામાં અટવાણું

(૪) મને અંધારાં બોલાવે

(૫) મને રૂપાની ઝાંઝરી ઘડાવ

(૬) તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી

(૭) મારી ગાગર ઉતારો તો હું જાણું

(૮) તારે રે દરબાર

(૯) મેં તો ચાંદલો કર્યો તારા નામનો

(૧૦) ઊંચી મેડી તે મારા સંતની રે.

કવિઃ હરીન્દ્ર દવે, સ્વરકારઃ પુરુષોત્તમ ઉપાધ્યાય, ગાયિકાઃ હંસા દવે

**(સાભાર: ગૌરવ ગુર્જરી, પ્રકાશક: એન.એમ. ઠક્કરની કંપની)**

# ‘નાગર કલા-સાહિત્ય ફોરમ’માં ‘મારી સંગીત યાત્રા’ વિશે જાણીતા સ્વરકાર ગૌરાંગભાઈ વ્યાસ સાથે થયેલ સંવાદના અંશો



અમદાવાદમાં ‘નાગર કલા-સાહિત્ય ફોરમ’ની શરૂઆત એક વર્ષ અગાઉ કરવામાં આવી. યુવાનોને એક દિશા મળી રહે અને તેમનાંમાં રહેલી કલાને વેગ મળે તે હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે. દર બે મહિને કોઈ એક વિશિષ્ટ પ્રતિભાવંત મહેમાનને આમંત્રણ આપી તેમની સાથે સંવાદ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

આ અંતર્ગત ‘મારી સંગીત યાત્રા’ વિશે વાત કરવા જાણીતા સ્વરકાર ગૌરાંગભાઈ વ્યાસને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમની સાથે થયેલ સંવાદના અંશો વાચકો માટે અહીં પ્રસ્તુત કર્યા છે.

ભઈ(અવિનાશ વ્યાસ)ને કોઈએ કહ્યું કે ગૌરાંગ બહુ સરસ વગાડે છે તો ભઈએ કહ્યું ‘એમ?’ ‘ગૌરાંગ સંભળાવ તો’. ત્યારે પહેલીવાર દીકરાને સાંભળ્યા પછી ભઈએ મારા ખભે હાથ મુક્યો ને કહ્યું, ‘ખૂબ આગળ વધજે. આજે પણ એ હાથ હું મારા ખભે અનુભવું છું. મને પદ્મશ્રી મળે કે ન મળે મને પદ્મશ્રી તે દિવસે મળી ગયો હતો.’ એક અડાબીડ વડ જેવા વિશાળ અનુભવી, શાંત, સહજ અને જે પોતે સૂરના પર્યાય છે તેવા આપણા સૌના લાડીલા ગૌરાંગભાઈ વ્યાસે જ્યારે તેમના પિતા અવિનાશભાઈની આ વાત કરી ત્યારે સૌ ભાવવિભોર બની ગયા.

આપણને કલ્પના પણ ન આવે કે એક મિકેનિકલ એન્જિનિયર અને સેલ્સમેનની નોકરી કરતાં ભવિષ્યમાં એક પ્રખર સંગીતકાર બને! તેમના પોતાના શબ્દોમાં 'આપણને જે ગમે તે કરવું અને જે કરવું તે ગમતું કરી દેવું.'

શરૂઆતમાં કામકાજ માટે અમદાવાદ મુંબઈ આવનજાવન થયા કરે. અમદાવાદમાં નોકરી કરે સાથેસાથે 'શ્રુતિ' સંસ્થા સાથે કાર્યક્રમો પણ કરે. શરૂઆતમાં આસિસ્ટન્ટ તરીકે કામ કરતાં એમને થયું કે, હું પોતે જ સ્વતંત્ર કમ્પોઝીશન કેમ ન કરું અને એમાંથી ગુજરાતી સંગીતને અને આપણને ગૌરાંગ વ્યાસ મળ્યા. ફિલ્મી ગીત કમ્પોઝ કરવાનો વારો આવ્યો ત્યારે પિતા એ કહ્યું, 'પહેલાં તું મને સંભળાવ.' ગૌરાંગભાઈ કહે, 'સંભળાવું પણ શરત એ કે તમારે બાજુના રૂમમાં બેસવાનું. તમે મારી સામે બેસો તો મારી તો હિંમત જ નહીં ચાલે.' પછી દીકરાએ એક રૂમમાં કંપોઝિશન બેસી ગાવા માંડ્યા અને પિતાએ બીજી રૂમમાં બેસી સાંભળ્યા. ગૌરાંગભાઈ કહે છે, 'જ્યારે ભઈ બહાર આવ્યા ત્યારે તેમની આંખમાં ઝળઝળિયાં હતાં. કેવી ક્ષણો હશે એ, નહીં?'

કિશોરકુમાર, મન્ના ડે, મુકેશ, આખું મંગેશકર કુટુંબ, લક્ષ્મીકાંત-પ્યારેલાલ, જગજિતસિંગ જેવી તમામ જાણીતી સંગીત હસ્તીઓ સાથે તેમણે કામ કર્યું અને અનેક અંતરંગ પ્રસંગોને યાદ કર્યા. આશા ભોંસલે સાથે ખૂબ કામ કર્યું. શરૂઆતમાં જ્યારે આશાજી અવિનાશભાઈનું ગીત ગાવાના હોય ત્યારે ગૌરાંગભાઈ તબલાં પર સંગત કરતાં. પણ આ ભાઈ (ગૌરાંગ વ્યાસ) આશાજીથી બહુ ગભરાય એટલે ભાગી જાય. આગળ જતા એ જ આશાજીએ ગૌરાંગભાઈનાં અનેક ગીતો ગાયાં અને આશાજી અવારનવાર મસ્તીમાં એ ભાગી જવાની વાત યાદ કરતાં. કિશોરકુમારના સરસ સજાવેલ સંગીત રૂમની વચ્ચે જરી પુરાણો થાંભલો જોઈ ગૌરાંગભાઈએ જ્યારે તેમને કારણ પૂછ્યું તો કિશોરદા કહે, 'બધા આમ પૂછે ને એટલે રાખ્યો છે.' 'ળ' માત્ર ગુજરાતીમાં છે એટલે કિશોરકુમાર ને 'હું અમદાવાદનો રિક્ષાવાળો' ગાતાં બહુ તકલીફ પડી કારણ કે એમાં તો ઘણાં 'ળ' આવે. જો કે તેમણે ખૂબ તૈયારી કરી અને કોઈપણ ફરિયાદ વગર એ ગીત ગાયું. પરંતુ 'અમદાવાદ બતાવું ચાલો' ગાતા તેમણે 'અમદાવાદ બતાવું ચાળો' ગાયું આ બધી વાતો ગૌરાંગભાઈએ કરી અને સૌને ખૂબ રમૂજ થઈ.



એકવાર કિશોરકુમારે ગીત ગાવા માટે ગૌરાંગભાઈને ત્રણ દિવસ પછીનો સમય આપ્યો. બીજે દિવસે સાંભળ્યું કે કિશોરકુમાર હમણાં જ આવું છું કહી જયદેવજીનું ગીત અધૂરું છોડીને સ્ટુડિયોથી નીકળ્યા ને આવ્યા જ નહીં. અને દાદામોની (અશોકકુમાર) ને ઘેર જઈ સૂઈ ગયા. ગૌરાંગભાઈ

ગભરાયા. કિશોરકુમાર પોતાનું ગીત ગાવા આવશે જ નહીં તો? એવા ડર સાથે એમણે કિશોરકુમારને ફોન કરીને પૂછ્યું કે, 'તમે મારું ગીત ગાવા આવશો ને? અને પછી જયદેવજી સાથેની વાત કરી. કિશોરદાનું માનવું હતું કે જે ગીતો લોકો સુધી પહોંચી જ ન શકે એવાં ગીતો ગાવાનો અર્થ જ નહીં. માટે જ એમણે જયદેવનું ગીત અધૂરું છોડી દીધું પણ ગૌરાંગભાઈનું ગીત તો તેમણે મજાથી ગાયું અને સમયસર પૂરું કર્યું.

ગૌરાંગભાઈ અને લક્ષ્મીકાન્ત (લક્ષ્મીકાન્ત-પ્યારેલાલ) મેન્ડોલીન સાથે વગાડતા. ગૌરાંગભાઈને બધા જ સાથે બનતું. બધા જ ઉચ્ચકોટીના ગાયકો ગૌરાંગભાઈના ગુજરાતી ગીતો ગાવા તૈયાર રહેતા અને તેમને માન આપતા. મુકેશજીને અમેરિકા જવાનું હતું એટલે જવાની આગલી સાંજે તેમણે ખાસ સમય ફાળવ્યો અને ગાયું.

**આવો રે આવો રે ઓ ચિતડું ચોરી જાનારા,**
**મને મોતના વાગે ભણકારા.**

મુકેશજી પછી ભારત ન આવી શક્યા. દેશ છોડતાં પહેલાંનું તેમનું આ છેલ્લું ગીત કોઈ અજબ સંકેત બની ગયું.

એકવાર અવિનાશભાઈને કોઈ રમતિયાળ ગીત રચવાની ફરમાઈશ થઈ અને ગુજરાતી સંગીતનું સૌથી રમતિયાળ ગીત 'હુતુતુતુ' બાપ-દીકરાએ દોઢ કલાકમાં જ રચ્યું. દીકરો સૂર વગાડે, ગણગણાવે અને પિતા શબ્દો રચે. આવી તો કૈં કેટલીયે વાતો થઈ. લતાજીનાં પૈસાની ચિંતા ન કરવાની વાત હોય કે જગજીતની 'દોસ્તી નામ કી ભી કોઈ ચીજ હૈ' જેવી વાત સાંભળતાં સંગીતની મહાન હસ્તીઓની એક અલગ બાજુ જ અનુભવાઈ.

ગૌરાંગભાઈનું માનવું છે કે સમય પ્રમાણે બધું બદલાવું જ જોઈએ. એમને અર્વાચીન સંગીત પ્રત્યે કોઈ મોટી ફરિયાદ નહોતી. જ્યાં ગુજરાતીપણું હોય છે એ ગુજરાતી પ્રેક્ષકો ચોક્કસ વધાવી લે છે. સુગમસંગીત એ સહજ છે જ્યારે ફિલ્મી સંગીતને ખૂબ બંધનો હોય છે અને સૌથી મોટું બંધન હિટ બનવાનું. સુગમ સંગીતના કલાકારને આવી કોઈ જ ચિંતા નથી હોતી.

ગૌરાંગભાઈ સાથે જેમણે ખૂબ કામ કર્યું છે તેવા અને પોતે પણ સરસ કલાકાર છે તેવા આભા દેસાઈએ કહ્યું કે, 'એક શબ્દમાં જો ગૌરાંગભાઈ વિશે કહેવું હોય તો એમ જ કહેવાય He is 'Musically Genius'. તેમનું ગોત્ર—'સંગીત', આદિસ્વર—'સ્વરાંકન', અનાદિસ્વર—ઓરકેસ્ટ્રેશન, પ્રકૃતિ-શાંત, મિતભાષી, જાતિ—સંપૂર્ણ, સમય—આઠેય પ્રહર.'

ગૌરાંગભાઈ સાથે વાર્તાલાપ કરતાં તેમનાં જ એક વખતનાં શિષ્યા લીનાબહેન વચ્છરાજાની એ કહ્યું કે સંગીતનો ક્લાસ ચાલતો હોય તો ત્રીજી હરોળમાં કોઈએ સહેજ ભૂલ કરી હોય તો એ ગૌરાંગભાઈને ખ્યાલ આવી જ જાય. એ ક્યારેય ગુસ્સે નથી થતા. તેમના 'નાદબ્રહ્મ કલાસ'માં જોડાયેલા ભાઈ ચેતન મજમુદાર કહે એ જેટલા શાંત છે એટલા જ રમૂજી છે.

શ્રીમતી હિના કિકાણીએ ગૌરાંગભાઈનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું અને નિવૃત્ત ન્યાયાધીશ ચૈતન્ય બુચે મેમેન્ટો અર્પણ કર્યો. આભાબહેનનું સ્વાગત નીશાબહેન વસાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. ગૌરાંગભાઈએ પોતાની સંગીતયાત્રા વિશે ખૂબ સહજ રીતે અને નિરાંતે વાતો કરી તેમાં સમય ક્યાં પસાર થઈ ગયો તેની ખબર પણ ન પડી.

**— પરિમલ વસાવડા**

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.
# સૂર શબ્દની સાથે જોડાવ...




- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ**
**ન્યૂઝ ડાયજેસ્ટ**







સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹ ૪૦૦ (૧૨ અંક) | ₹ ૭૫૦ (૨૪ અંક) | ₹ ૧૧૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘેરે મંગાવો સ્વરસેતુ**

હું..........................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹.........................મોકલી આપુ છું,

નામ :-...........................................................................................................................................

સરનામું :-.......................................................................................................................................

.......................................................................................................................................................

ટેલિફોન નંબર :-.............................................મોબાઈલ નંબર :-.................................ઈ-મેઈલ :-...................................................

ચેક/ડી.ડી નંબર :-.........................................બેંક :-...................................................................તારીખ :-...............................

( લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.

# 'શૂન્ય'પાલનપુરીના ૯૭મા જન્મદિનપ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન યોજાયું






ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે, તારીખ ૧૯ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ આત્મા હૉલ અમદાવાદ ખાતે કવિ અલીખાન ઉસમાનખાન બલુચ 'શૂન્ય' પાલનપુરીના ૯૭મા જન્મદિનપ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન 'સાત રંગનું સરનામું'નું આયોજન કરવામાં આવ્યું. ગાયક વિપુલ આચાર્યએ શૂન્ય પાલનપુરીની જાણીતી ગઝલ 'ક્ષમા કરી દે...'નું ગાન કર્યું હતું. 'શૂન્ય' પાલનપુરીના જીવન વિશે તેમના પુત્ર તસનીમખાન બલુચ અને 'શૂન્ય' પાલનપુરીની કાવ્યસૃષ્ટિ વિશે જાણીતા કવિશ્રી રઈશ મનીઆરે વક્તવ્ય આપ્યું. હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું. ભાષાપ્રેમી અને સાહિત્યરસિકોએ કાર્યક્રમ માણ્યો હતો.



# પંદર દિવસીય 'નાટ્ય ડીઝાઇન' શિબિર





રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય (એન.એસ.ડી) નવી દિલ્હી અને જે. જી. કૉલેજ ઓફ પરફોર્મિંગ આર્ટસના સંયુક્ત રીતે પંદર દિવસીય 'નાટ્ય ડીઝાઈન' શિબિરનું આયોજન કરવામાં આવ્યું. શક્ય રીતે આ પ્રકારની શિબિરનું આયોજન ગુજરાતમાં પ્રથમવાર કરવામાં આવ્યું હતું. શિબિરની શરૂઆત ૨૫ ડિસેમ્બરથી કરવામાં આવી હતી. ૨૫ નાટ્ય વિદ્યાર્થીઓ સાથે શરૂ થયેલ આ શિબિરમાં ૧૫ વિદ્યાર્થીઓ જે. જી. કૉલેજના, ૯ વિદ્યાર્થીઓ ગુજરાત કૉલેજના તથા ૧ વિદ્યાર્થી ઉપાસના સ્કૂલ ઑફ પરફોર્મિંગ આર્ટ્સના હતા.





શિબિરના મુખ્ય કોર્ડીનેટર અને દિગ્દર્શક ભાર્ગવ ઠક્કર દ્વારા શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. તેમણે શિબિર અંગે માહિતી આપતા તેમણે તેની ઉપયોગીતાની ચર્ચા કરી હતી ત્યાર બાદ શ્રીમતી ડાયના રાવલે, વિદ્યાર્થીઓને અલગ અલગ શૈલી (ઇસમ્સ) વિશે માહિતગાર કર્યા હતા. એમાં કલાસીઝ્મ, રીયાલીઝ્મ, એબર્સડીઝમ વગેરે શૈલીઓ ઉપર ચર્ચા કરી શિબિરાર્થીને સુંદર માહિતી આપી હતી. અર્પીતા ઢગત દ્વારા સીનીક ડિઝાઈન તથા સીનોગ્રાફી વિશે વાત કરતાં અલગ અલગ શેપ્સ, લાઇન, ફોર ગ્રાઉન્ડ તથા બેક ગ્રાઉન્ડ વિશે ચર્ચા કરી.



લાઇટ્સની નાટ્ય નિર્માણમાં ઉપયોગિતા, ઉદ્‌ભવ તથા વિકાસ વિશે પ્રો. સૌતી ચક્રવર્તીએ માહિતી આપી હતી. અને પ્રેક્ટીકલ લેક્ચર પણ આપ્યું હતું. પ્રો. અરૂણ મલીકે વિદ્યાર્થીઓને સ્કેચીંગ માસ્ક-મેકીંગ તથા પોટ્રેઇપ્ટ વિશે શીખવ્યું. જે. જી. સ્કૂલ ઑફ પરફોર્મિંગ આર્ટ્સના બિજોય શિવરામ દ્વારા વિદ્યાર્થીઓને પોસ્ટર મેકીંગ કળા શીખવી હતી. કીર્તિ શર્મા દ્વારા વેશભૂષા (કોશ્ચ્યુમ ડિઝાઈન) વિશે વર્ગ લેવામાં આવ્યો હતો અને નાટકમાં અને નૃત્યમાં જરૂરી વેશભૂષાના મહત્ત્વને સમજાવ્યું હતું. હર્ષીત આચાર્ય સાઉન્ડ ડિઝાઈનના વર્ગ લીધા હતા તથા અવંતિકુમાર ચાવલાએ વિદ્યાર્થીઓને મુગટ તથા પાઘડી બનાવતા શીખવ્યું હતું.



શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ કલાની તમામ બારીકીઓથી પરિચિત કરવામાં આવ્યા હતા.



# જન્મદિવસ શુભ હો... શુભદાયી... સુખદાયી... ચિર આયુ પામો

૧ ફેબ્રુઆરી: **અરુણ રાજ્યગુરૂ** (ગાયક, અમદાવાદ)

૩ ફેબ્રુઆરી: **સ્તુતિ દવે** (ચિત્રકાર, ભાવનગર)

૩ ફેબ્રુઆરી: **ચંદ્રકાંત શેઠ 'નંદ સામવેદી'** (લેખક, કવિ, અમદાવાદ)

૩ ફેબ્રુઆરી: **રીતેશ ઉપાધ્યાય** (વાદક કલાકાર-ઢોલક, અમદાવાદ)

૩ ફેબ્રુઆરી: **ઉસ્તાદ અહેમદ હુસેન** (ગઝલ ગાયક, જયપુર)

૪ ફેબ્રુઆરી: **પંડિત બીરજુ મહારાજ** (નૃત્યગુરૂ કથ્થક, દિલ્હી)

૪ ફેબ્રુઆરી: **ઉર્વીશ કોઠારી** (લેખક, પત્રકાર, મહેમદાવાદ)

૪ ફેબ્રુઆરી: **લેની કીસ્કુ** (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

૬ ફેબ્રુઆરી: **રવીન્દ્ર સાઠે** (ગાયક, મુંબઈ)

૭ ફેબ્રુઆરી: **સાંઈરામ દવે** (હાસ્યકલાકાર, લોકગાયક, ગોંડલ)

૮ ફેબ્રુઆરી: **અમન લેખડિયા** (ગાયક, સુરત)

૧૧ ફેબ્રુઆરી: **પંકજ પાઠક** (ગાયક, વાદક કલાકાર-કી-બોર્ડ, અમદાવાદ)

૧૧ ફેબ્રુઆરી: **લુઈસ બેંક્સ** (વાદક કલાકાર-કી-બોર્ડ, મુંબઈ)

૧૨ ફેબ્રુઆરી: **સુધા ભટ્ટ 'અમીશ્રી'** (લેખિકા, અમદાવાદ)

૧૨ ફેબ્રુઆરી: **હસુ યાજ્ઞિક** (લેખક, અમદાવાદ)

૧૩ ફેબ્રુઆરી: **મોહમ્મદ માંકડ** (લેખક, ગાંધીનગર)

૧૪ ફેબ્રુઆરી: **ઈશાની દવે** (કથ્થક નૃત્યકાર, ભાવનગર)

૧૪ ફેબ્રુઆરી: **અમોલ કેતકર** (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

૧૪ ફેબ્રુઆરી: **અરવિંદ રાઠોડ** (અભિનેતા, મુંબઈ)

૧૫ ફેબ્રુઆરી: **હરીશ ભીમાણી** (ઉદ્ઘોષક, મુંબઈ)

૧૫ ફેબ્રુઆરી: **જાગૃતિ ધોળકિયા** (ગાયિકા, અમદાવાદ)

૧૬ ફેબ્રુઆરી: **શેખર સેન** (નાટ્યકલાકાર, ગાયક, મુંબઈ)

૧૮ ફેબ્રુઆરી: **પ્રદીપ ખાંડવાળા** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)

૧૮ ફેબ્રુઆરી: **ભાગ્યેશ જહા** (કવિ, ગાંધીનગર)



## જન્મદિવસ શુભ હો... શુભદાયી... સુખદાયી... ચિર આયુ પામો

૧૯ ફેબ્રુઆરી: **જવાહર બક્ષી 'ફના'** (કવિ, ગઝલકાર, મુંબઈ)

૨૧ ફેબ્રુઆરી: **રક્ષા દવે** (લેખિકા, કવિયિત્રી, ભાવનગર)

૨૧ ફેબ્રુઆરી: **મોનિકા શાહ** (ગાયિકા, અમદાવાદ)

૨૧ ફેબ્રુઆરી: **શરદ ખાંડેકર** (સંગીત નિર્દેશક, વાદક કલાકાર, અમદાવાદ)

૨૧ ફેબ્રુઆરી: **હિતુ કનોડિયા** (અભિનેતા, મુંબઈ)

૨૧ ફેબ્રુઆરી: **નરેશ શાહ** (નિર્માતા, આયોજક, અમદાવાદ)

૨૨ ફેબ્રુઆરી: **નયન દેસાઈ** (કવિ, સુરત)

૨૩ ફેબ્રુઆરી: **શૈલેશ ઠાકર** (વાદક કલાકાર-કિ-બોર્ડ, અમદાવાદ)

૨૪ ફેબ્રુઆરી: **વાસંતી ખાંડેકર** (ગાયિકા, અમદાવાદ)

૨૪ ફેબ્રુઆરી: **અમી પટવા** (નૃત્ય દિગ્દર્શિકા, અમદાવાદ)

૨૫ ફેબ્રુઆરી: **દિવ્યાંગ ત્રિવેદી** (વાદક કલાકાર-તબલાં, મુંબઈ)

૨૬ ફેબ્રુઆરી: **અન્નપૂર્ણા શુકલ** (નાટ્યકલાકાર, અમદાવાદ)

૨૮ ફેબ્રુઆરી: **આકાંક્ષા ઓઝા** (ગાયિકા, ભાવનગર)

૨૮ ફેબ્રુઆરી: **મધુ રાવલ** (સાઉન્ડ રેકોર્ડિસ્ટ, અમદાવાદ)

૨૮ ફેબ્રુઆરી: **અનુ કપૂર** (અભિનેતા, મુંબઈ)

૨૯ ફેબ્રુઆરી: **અશોક દવે** (હાસ્ય લેખક, અમદાવાદ)